

P.09

તેમનો રાષ્ટ્રપતિનો કાર્યકાળ બિડેન સરકારથી અલગ હશે : કમલા હેરિસ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.09

સારા અલી ખાન અને માતા કરોડોની બે પ્રોપર્ટી ખરીદી

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૭૭ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો સુદ ૧૫ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 77 • Dt. 18-10-2024 Friday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


નાઈજિરિયામાં પેટ્રોલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૪૦થી વધુનાં મોત । અનેક ઘાયલ

09




18

OCTOBER- 2024

FRIDAY




09

ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ સ્પોર્ટ્સ કોમ્પિટિશનમાં દેશભરમાંથી ૨૯૨૦ ખેલાડીઓ ભાગ લેશે !!!


શુદ્ધ તેલના નામે વેચાણ કરાતું હોવાનું ફૂડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓની જાણમાં આવ્યું

# બનાસકાંઠામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ત્રાટક્યું । તેલનો લાખો રૂપિયાનો જથ્થો જપ્ત

## બાતમીના આધારે ૭૦૩ કિલો રાયડાના તેલનો જથ્થો જપ્ત કરી લાખ રૂપિયાનો માલ સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે

। પ્રતિનિધિ,પાલનપુર, તા.૧૭ ।

બનાસકાંઠા જીલ્લામાં ધાનેરામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો ધમધમાટ જોવા મળ્યો છે. રાજેશ્વરી ઓઈલ મિલમાં દરોડા પાડી રાયડા તેલના સેમ્પલ લેવાયા છે. શુદ્ધ તેલના નામે વેચાણ કરાતું હોવાનું ફૂડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓની જાણમાં આવ્યું હતું. બાતમીના આધારે ૭૦૩ કિલો રાયડાના તેલનો જથ્થો જપ્ત કરી લાખ રૂપિયાનો માલ સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.તહેવારની મોસમ આવતા જ વેપારીઓ ખાદ્ય ઉત્પ ાદનોમાં ઘણી વખતે ભેળસેળ કરતા હોવાનું સામે આવતા જ ખાદ્ય વિભાગ એલર્ટ થઈ જતું હોય છે. ત્યારે બનાસકાંઠા જીલ્લામાં ધાનેરા તાલુકામાં ફુડ



એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા પડ્યા હતા. દરોડાના પગલે ભેળસેળ કરતા મિલ માલિકો, વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. રાજેશ્વરી ઓઈલ મિલમાં અધિકારીઓએ ૭૦૩ કિલો સાગર શુદ્ધ ડબલ ફિલ્ટર રાયડાનું તેલ વેચાતું હતું. જેની બાતમીના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ત્રાટક્યું હતું.અધિકારીઓએ મિલમાં રાયડાના તેલના સેમ્પલ લઈ ફોરેન્સિક લેબમાં મોકલ્યા છે. દિવાળીના હવે જૂજ દિવસો બાકી રહ્યાં છે ત્યારે ૯૧ હજાર ૩૯૦ રૂપિયાની કિંમતનો તેલનો જથ્થો સીઝ કર્યો છે. તેમજ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ પાટણમાં ઘી બજારમાં ફૂડ એનડ ડ્રગ્સ વિભાગે દરોડા પાડ્યા હતા. ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા નિતીનકુમાર ભાઈલાલ ઘી વાળાની પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા.



















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## આજથી અરબ સાગરમાં ડીપ ડિપ્રેશન બનવાની શક્યતા હોવાથી આગામી ૩ દિવસ ચક્રવાત આવશે

# ગુજરાતમાં વરસાદ સાથે ચક્રવાતની ભીતિ, કેટલાય વિસ્તારો પાણીથી છલોછલ થઈ જશે

**કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને પણ નુકસાન થશે. તહેવાર ટાણે મોંઘવારીને માર લોકોએ સહન કરવો પડશે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં આગામી ૭ દિવસ મધ્યમ વરસાદની શક્યતા રહેલી છે. અંબાલાલ પટેલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજથી અરબ સાગરમાં ડીપ ડિપ્રેશન બનવાની શક્યતા હોવાથી આગામી ૩ દિવસ ચક્રવાત આવશે, ઠંડીની શરૂઆત થાય તે પહેલા સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની ભીતિ છે.




અંબાલાલ પટેલે જણાવ્યું છે કે નવેમ્બરના છેલ્લા દિવસોએ (૨૯ નવેમ્બર) ગુલાબી ઠંડીની શરૂઆત થશે. તેમણે જણાવ્યું કે ગ્રહોની દ્રષ્ટિએ ઓક્ટોબર મહિનો વરસાદથી ભરપૂર રહેશે. કેટલાય વિસ્તારો પાણીથી છલોછલ થઈ જવાના છે. કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને પણ નુકસાન થશે. તહેવાર ટાણે મોંઘવારીને માર લોકોએ સહન કરવો પડશે. આગામી ૨૪ કલાક ભારે વરસાદ પડશે. એટલું જ નહીં, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી મુજબ ૭ નવેમ્બરે બંગાળની ખાડીમાં ચક્રવાત આવશે. જેની અસર ૧૦ દિવસ પછી તારીખ ૧૮ થી ૨૦ સુધી વધુ વર્તાશે. બંગાળની ખાડીમાં લો પ્રેશરની અસરથી તકલીફો વધી જશે.

અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત, વલસાડ, નવસારી, ડાંગ તેમજ પંચમહાલ, દાહોદમાં વરસાદ રહેશે. આવતીકાલે અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી, ડાંગ, છોટાઉદેપુર, ૨૧ થી ૨૩ ઓક્ટોબર દક્ષિણ ગુજરાતમાં વરસાદનો કહેર જોવા મળશે. હવામાન વિભાગે ત્રણેય રાજ્યોમાં આજે અને આગામી ૩ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આંધ્ર પ્રદેશ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ચક્રવાતી તોફાન ૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધ્યું હતું. તે ૪૪૦ કિલોમીટર દૂર છે. ચેન્નાઈ પુડુચેરીથી ૪૬૦ કિમી અને નેલ્લોરથી ૫૩૦ કિમી દૂર હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ત્રણ દરિયાકાંઠાના રાજ્યોમાં ત્રાટકતા ચક્રવાતની અસર મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં પણ જોવા મળી શકે છે. આજે અને આગામી ૨ દિવસ મુંબઈ અને મહારાષ્ટ્રમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, રાયલસીમા, કોલકાતા અને ગુજરાતના કેટલાક રાજ્યોમાં વરસાદની સંભાવના છે.

## દિવાળી દરમિયાન એસટી વિભાગ દોડાવશે એક્સ્ટ્રા બસો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

રાજ્ય સરકાર તરફથી દિવાળીમાં પોતાના વતને જતા લોકો માટે ખાસ સુવિધા કરવામાં આવી છે. દિવાળીને ધ્યાનમાં લઈને એસ.ટી નિમગ દ્વારા તહેવારોને ધ્યાનમાં લઈને વતન જવા તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સુરતથી ૨૨૦૦ વધુ બસ દોડાવવામાં આવશે.સુરત સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વાહનવ્યવાહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, છેવાડાના માનવી સુધી એસ.ટી બસની કનેક્ટિવિટી મળી રહે તે માટે રાજ્ય સરકારે જાહેર પરિવહનની સુવિધામાં વધારવામાં આવી છે. દિવાળીના દિવસોમાં સુરતમાંથી પોતાના વતન સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત, દાહોદ, પંચમહાલ સહિત અન્ય જિલ્લા તેમજ મહારાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં લોકો જતાં હોય છે. જેને ધ્યાનમાં લઈને તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ ૨૨૦૦ થી વધુ બસો દોડાવવામાં આવશે.

## વૈષ્ણોદેવીથી સનાથલ સુધી AMTSના નવા ૩ રૂટ શરૂ થશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

શહેરના રિંગરોડ પર લોકોનો ધસારો વધતા કોર્પોરેશનની છત્રછાયા નવા ૩ રૂટ શરૂ કરવાનું નક્કી કરાયું છે. વૈષ્ણોદેવીથી લઈને સનાથલ સુધીના નવા ૩ રૂટ આગામી ૨૨ ઓક્ટોબરથી કાર્યરત કરી દેવામાં આવશે. આ રૂટ શરૂ થાય બાદ લોકો રિંગરોડ પર વૈષ્ણોદેવીથી સનાથલ સુધી સરળતાથી મુસાફરી કરી શકશે. નવા રૂટ માટે ૨૦ બસો મૂકવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. શહેરના છેવાડે આવેલા એસ.પી. રિંગરોડ આસપાસના વિસ્તારમાં પણ હવે રહેણાંક અને કોમર્શિયલ બાંધકામો થતા શહેરના લોકોની અવરજવર આ વિસ્તારોમાં પણ વધવા લાગી છે. જેથી શહેરીજનોને અવરજવરમાં સરળતા રહે તે માટે અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા અસલાલીથી રણાસણ સુધી બસ સેવા શરૂ કરાઈ હતી. જેમાં હવે વધુ ત્રણ નવા રૂટનો સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે.

## લાયસન્સ વાળા દારૂ પીવો મોંઘો થશે । નવી પરમિટની કિંમતમાં ૧૫,૦૦૦ રૂપિયાનો વધારો

। પ્રતિનિધિ,, સુરત, તા.૧૭ ।

અમદાવાદ પછી રાજ્યમાં સૌથી વધુ દારૂની પરમીટ ધરાવતા સુરતમાં હવે લાયસન્સ વાળા દારૂ પીવો મોંઘો થશે. શહેરની સિવિલ હોસ્પિટલોમાં પણ નવી અને રિન્યુઅલ પરમીટ માટેની ફી લાગુ કરવામાં આવી છે. નવી પરમિટની કિંમતમાં ૧૫,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. રિન્યુઅલ પરમિટમાં પણ ૧૫,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.રાજ્યના ટોચના પાંચ શહેરી જિલ્લાઓમાં ધીમે ધીમે દારૂ પરમિટ ધારકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પરમિટ સાથે અમદાવાદ પ્રથમ ક્રમે છે અને ત્યાર બાદ સુરત છે. સુરત શહેરી જિલ્લામાં ૧૨,૫૦૦ થી વધુ લોકો પાસે દારૂની પરમીટ છે. સુરતમાં છેલ્લા ચાર વર્ષમાં હેલ્થ પરમિટ હેઠળ દારૂ પીનારાઓની સંખ્યામાં સતત વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૪માં પરમિટ ધારકોની સંખ્યા ૪૪,૦૦૨ પર પહોંચી હતી. એન્ટી નાર્કોટિક્સ ફોર્સ અનુસાર, નિયમ ૬૪ હેઠળ આરોગ્ય પરમિટ ધારકોની કુલ સંખ્યા, એટલે કે સ્વાસ્થ્યના આધારે દારૂ પીવાની પરવાનગી, જાન્યુઆરી ૨૦૨૧માં ૩૧,૫૧૦ હતી. જે જાન્યુઆરી ૨૦૨૨માં વધીને ૩૮,૯૭૦ થઈ ગઈ. જાન્યુઆરી ૨૦૨૩માં હેલ્થ પરમિટ ધારકોની સંખ્યા ૪૧,૯૫૩ પર પહોંચી હતી. હવે જાન્યુઆરી ૨૦૨૪માં આ આંકડો ૪૪,૦૦૨ પર પહોંચી ગયો છે.

## જગતગુરુએ અવિમુક્તેસ્વરા નંદ સરસ્વતીજીએ દેશમાં ગૌ માતા માટે આંદોલન કરશે

# સરકાર સંપૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધ કાનૂન નહીં લાવે તો આંદોલન છેડાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

સંપૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધ કાનૂન લાવવા માટે સોલા ભાગવત ખાતે સાધુ સંતોની ધર્મ સભા યોજાઈ હતી. જેમાં જગતગુરુએ અવિમુક્તેસ્વરા નંદ સરસ્વતીજીએ દેશમાં ગૌ માતા માટે આંદોલન કરશે. જગતગુરુ અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતુકે, જો યાત્રા દરમ્યાન સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો તા. ૯મી નવેમ્બર થી દેશભરમાં મોટા પાયે આંદોલન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૌભક્ત સ્વામી કરપાત્રી મહારાજે દિલ્હીમાં વર્ષ ૧૯૬૬ માં મોટી સંખ્યામાં ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા સાધુ સંતોએ આંદોલન કર્યું હતું આજે દેશમાં૨૦૧૩ના સર્વે અનુસાર ૧૬ કરોડ ગાયો જ બચી છે, અને દેશમાં૩૬ હજારથી વધુ કત્લખાનામાં રોજની લાખો ગાયો કપાય છે. આ અંગે સરકારે સંપૂર્ણ સત્યા પ્રતિબંધ કાનૂન લાવવો જોઈએ.


વસંત મહેતા (વરિષ્ઠ પત્રકાર)

## વડોદરામાં ભાજપના કોપૅરિટરના પુત્ર સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૭ ।

વડોદરામાં ભાજપના કોપૅરિટરના દિકરા સામે ફરિયાદ દાખલ થતા ચકચાર મચી છે. પાવાગઢના જંગલમાં કારમાં એક સગીરાનો વીડિયો બનાવીને મોકલવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેમાં ભાજપના કોર્પોરેટર ઘનશ્યામ પટેલના પુત્ર દર્શન સહિત પાંચ જણા સામે અશ્લિલ વીડિયો શેર કરવા બદલ આ ફરિયાદ દાખલ થઈ છે. વડોદરાના તરસાલી વિસ્તારની એક સગીરાનો વીડિયો શેર કરતા આ ફરિયાદ નોંધાઈ છે. બીજીતરફ પોલીસે આ અંગે કાર્યવાહી ન કરતા હિન્દુ સંગઠ્નોની મદદ માંગવામાં આવી છે.સગીરાના પરિવારજનો દ્વારા હિન્દુ સંગઠ્નોની મદદ માંગવામાં આવી છે. આ બનાવ બે વર્ષ પહેલાનો છે જેમાં ધમકી આપી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. જેમાંસગીરાનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી.પાવાગઢના જંગલમાં કારમાં સગીરાનો વીડિયો બનાવ્યા બાદ મોકલવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

## રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૨૨૭ કામદારોનાં મોત થયા

। પ્રતિનિધિ, કડી, તા.૧૭ ।

કડી તાલુકાના જાસલપુર ગામમાં ૯ બાંધકામ મજૂરોના મોતને પગલે બાંધકામ કામદાર સંગઠનોના આગેવાનોએ કામના સ્થળે બાંધકામ કામદારોની સલામતી અંગે ઝીરો ટોલરન્સની નીતિ અને અકસ્માત માટે જવાબદાર માલિક અને બેજવાબદારી બદલ અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાની માંગ કરી છે.ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૨૭ બાંધકામ કામદારો મૃત્યુ પામ્યા છે, જ્યારે સરકારી વિભાગે પણ સાઈટ્સ પર વધુ સલામતી તપાસની માંગ કરી છે.અમદાવાદના ગુલબાઈ ટેકરામાં બે વર્ષ પહેલા એક કન્સ્ટ્રક્શન સાઈટ પર અકસ્માતમાં સાતના મોત થયા બાદ જેસલપુરમાં નવ કામદારોના મોત થયા છે. અમદાવાદમાં ૩૦ કામદારો અકસ્માતોને કારણે મૃત્યુ પામ્યા હોવાનું સત્તાવાર રીતે નોંધાયું હતું.



૪ લોકો ફરાર

# અમદાવાદ : નકલી નોટ બનાવી ૧.૬૦ કરોડની છેતરપિંડી કેસમાં ત્રણની ધરપકડ

## આરોપીઓ પાસેથી ૧.૩૭ કરોડના ૧૮ નંગ સોના બિસ્કીટ જપ્ત કર્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।



અમદાવાદમાં થોડા દિવસ પહેલા જ્વેલર્સ માલિકને નકલી નોટ આપી કરોડો રૂપિયાનું સોનું લઈ ઠગાઈ કરી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચે ઠગ ગેંગના મુખ્ય આરોપી સહિત ત્રણની ધરપકડ કરી છે. આરોપીઓએ નકલી આંગડિયા પેઢી બનાવીને સરદારજીના વેશમાં સમગ્ર છેતરપિંડીની ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપીઓએ નકલી નોટ તૈયાર કરી તેના પર ગાંધીજીના બદલે અનુપમ ખેરના ફોટો દોરી ખાસ નોટ તૈયાર કરી હતી, જેના દ્વારા સોનાના બિસ્કિટની ખરીદી કરી હતી.ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રહેલા આરોપી દીપક રાજપૂત, નરેન્દ્ર ઉર્ફે નંદુ જાદવ અને કલ્પેશ મહેતાની ઠગાઈ કેસમાં ધરપકડ કરી છે. આરોપીએ ૨૪ સપ્ટેમ્બરના રોજ સીજી રોડ પર આવેલી લક્ષ્મી જ્વેલર્સમાં સરદારજીનો વેસ ધારણ કરી ગ્રાહક બની પહોંચ્યા હતા. તેઓ ૨ કિલો ૧૦૦ ગ્રામ સોનું ખરીદવાનું કહ્યું હતું. જોકે આરોપીઓએ વેપારીને વિશ્વાસ આપ્યો હતો કે પૈસા આપ્યા બાદ જ સોનું ખરીદશે. જેથી આરોપીઓ પૈસા માટે સોની વેપારીનાં માણસોને પોતે જ ઊભી કરેલી નકલી આંગણીયા પેઢી પર લઈ ગયા હતા.આરોપીઓ આનંદ મંગલ કોમ્પ્લેક્સમાં પટેલ કાંતિલાલ મદનલાલ એન્ડ કંપનીના બોગસ પેઢીમાં ડિલિવર કરવાનું જણાવ્યું હતું. જેથી મેહુલ બુલિયનના વેપારીએ પોતાના કર્મચારીને રૂપિયા ૧.૬૦ કરોડના સોનાના બિસ્કીટ ડિલિવરી આપવા પહોંચ્યો હતો, ત્યારે આ ગેંગ દ્વારા અનુપમ ખેરના ફોટા વાળી ૫૦૦ના દરની કલર પ્રિન્ટ વાળી નીકળી નોટોનાં બંડલ પધરાવી સોનાના બિસ્કીટ લઈને ફરાર થઈ ગયા હતા.જો કે નોટોનાં બંડલ પ્લાસ્ટિક બેગમાં કોઈને શંકા જાય નહિ તેવી રીતે પેક કરેલા હોવાથી પ્રાથમિક દ્રષ્ટીએ અસલી નોટના બંદલ હોવાનું લાગી રહ્યું હતું. જે બાદ વેપારીને ખ્યાલ આવતા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી ગુનો નોંધાયો હતો. જે બાદ ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ અને હ્યુમન સોર્સથી ત્રણ આરોપી ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૧.૩૭ કરોડના ૧૮ નંગ સોના બિસ્કીટ જપ્ત કર્યા છે. જ્યારે ૫૦૦ના દરની ૩૦૦ નોટ અને ૩ મોબાઈલ કબજે કર્યા છે.ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક તપાસ અને આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે આ ઠગાઈ કેસનો માસ્ટર માઈન્ડ દીપક રાજપૂત છે. દીપક રાજપુત વિરુદ્ધ અગાઉ વાડજ, પાલડી, વડોદરા, છોટા ઉદેપુર અને રાજસ્થાનમાં આ રીતના ગુના નોંધાયા છે. આ ઠગાઈની મોડ્સ ઓપરેન્ડી વાત કર્યે તો આરોપી દીપક, નરેન્દ્ર અને કલ્પેશ જુદા જુદા ગુનામાં વડોદરાની જેલમાં સજા કાપી રહ્યા હતા તે સમયે આરોપી દીપકે પૈસા કમાવવા માટે એક મોટું ઠગાઈનું ષડયંત્ર રચ્યું હતું. તેમાં નરેન્દ્ર અને કલ્પેશને સામેલ કર્યા હતા.

મારા પતિ ૨૦ વર્ષથી ત્રાસ આપે છે, ક્યારેય બોલી નથીઃ પદ્મિની બા

# પદ્મિનીબા વાળાએ પુત્ર સાથે મળીને પતિને માર મારતાં સારવારમાં ખસેડાયા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૭ ।

રાજકોટના રેલનગરમાં રહેતાં ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી ફરીવાર ચર્ચામાં આવ્યા છે. પદ્મિનીબા વાળાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. પદ્મિનીબા વાળા તેમના પતિ સાથે ઘરની બહાર રોડ ઉપર ઉગ્ર બોલાચાલી કરતાં હોય એવું વીડિયોમાં જોવા મળે છે. બીજી તરફ રાત્રીના પોતાના પતિને પાઈપથી મારકુટ કરતાં ઈજાગ્રસ્ત પતિ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. પત્નીની સાથે મારકુટ કરવામાં પુત્ર પણ સામેલ હોવાનું તેમણે પોલીસ સમક્ષ કહ્યું હતું.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટના રેલનગર રામેશ્વર પાર્ક-૫માં રહેતાં ગિરીરાજસિંહ અનિરૂદ્ધસિંહ વાળા (ઉ.૪૭) રાતે એકાદ વાગ્યે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે પહોંચ્યા હતા. તબીબની પુછતાછમાં મારકૂટ થયાનું કહેતાં હોસ્પિટલ ચોકીના પોલીસ સ્ટાફને જાણ કરવામાં આવી હતી.અહીં ચોકીના સ્ટાફની પ્રાથમિક પૂછપરછમાં ગિરીરાજસિંહે પોતાને પુત્ર સત્યસજીતસિંહ અને પત્ની પદ્મિનીબા વાળાએ પાઈપથી માર માર્યાનું કહેતાં તે મુજબની નોંધ પ્ર.નગર પોલીસમાં કરાવાઈ હતી. આ મામલે એ.એસ.આઈ. એ.આર. વરૂ નિવેદન નોંધવા પહોંચ્યા હતા.

# કચ્છના ખાવડામાં ૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

। પ્રતિનિધિ, ભુજ, તા.૧૭ ।

કચ્છના ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે ૩.૫૪ વાગે આંચકો અનુભવાયો હતો. ૪ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જ્યારે કેન્દ્ર બિંદુ ખાવડાથી ૪૭ કિમી દૂર હોવાનું જાણવા મળ્યું છે.કચ્છમાં ભૂકંપના કંપન હવે નિત્યક્રમ બની ગયો છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ કચ્છમાં નાના નાના ભૂકંપ સામાન્ય થઈ ગયા છે. મહિનામાં ૨થી ૪ની તિવ્રતાના અનેક આંચકાઓ આવે છે. પણ વારંવાર ભૂકંપના આંચકા આવવાનું કારણ શું છે? વર્ષ ૨૦૧૫માં મિનિસ્ટ્રી ઓફ સાયન્સે કચ્છની પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીને ભૂકંપના સંશોધન માટે સૂચનાઓ આપી હતી. અલગ અલગ ૮ જેટલા પ્રોજેક્ટથી એ સમજવાનો પ્રયાસ થઈ રહ્યો છે કે કઈ ફોલ્ટલાઈનથી ક્યારે ભૂકંપ આવશે. સાથે જ ભૂકંની તિવ્રતા અને નુકસાનીના અનુમાનને લઈને પણ અભ્યાસ થઈ રહ્યો છે.






## તંત્રી લેખ...

# કેનેડા સરકારનું ભારતદ્વેષી વલણ

ભારત સરકારે કેનેડાથી પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય કરીને બિલકુલ યોગ્ય પગલું ભર્યું. કેનેડા સરકારની ભારત વિરોધી ગતિવિધિઓ જે રીતે વધતી જાય છે અને તેના સંકીર્ણ રાજકીય સ્વાર્થો માટે તે જે રીતે ભારતીય રાજદ્વારીઓને બદનામ કરવા અને તેમની સુરક્ષા માટે ખતરો પેદા કરવાનું કામ કરી રહી છે, તેનો આકરો જવાબ આપવો જરૂરી થઈ ગયું હતું. ભારતે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય એટલા માટે કરવો પડ્યો, કારણ કે કેનેડા સરકારે ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય રાજદૂત સહિત અન્ય રાજદ્વારીઓની કથિત સંડોવણીની તપાસ કરવાની જરૂર જણાવી હતી. કેનેડા સરકારે આના પહેલાં પણ પોતાને ત્યાં આશ્રિત ખાલિસ્તાની આતંકીઓને ખુશ કરવા માટે નિજ્જરની હત્યા માટે ભારતીય રાજદ્વારીઓને જવાબદાર ઠેરવવાની હાસ્યાસ્પદ કોશિશ કરી હતી. ત્યારે પણ ભારત સરકારે કઠોર વલણનો પરિચય આપતાં કેનેડા માટે વિઝા સેવા રોકી દીધી હતી.લાગે છે કે કેનેડાની ટ્રુડો સરકાર નવેસરથી ખાલિસ્તાનીઓને ખુશ કરવા માગી રહી છે. એની અવગણના ન કરી શકાય કે તે નિજ્જરની હત્યામાં ભારતને કઠેરામાં ઊભું કરવાની કોશિશ તો કરી રહી છે, પરંતુ તેના સંદર્ભમાં કોઈ પુરાવા આપવાનો ઈનકાર કરી રહી છે. તે એ તથ્યથી પણ મોં ફેરવી રહી છે કે નિજ્જર નકલી દસ્તાવેજો દ્વારા કેનેડા પહોંચ્યો હતો. તેની હરકતોને જોતાં ખુદ કેનેડાએ તેને હવાઈ યાત્રા કરતાં રોકી દીધો હતો, પરંતુ પછી ખાલિસ્તાનીઓના પ્રભાવમાં આવીને તેને નાગરિકતા પણ આપી દીધી હતી.ખાલિસ્તાનીઓની હમદર્દી મેળવવા માટે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો માત્ર ભારત સાથે સંબંધ ખરાબ નથી કરી રહ્યા, બલ્કે પોતાના દેશને ખાલિસ્તાની અતિવાદીઓ અને આતંકીઓનો ગઢ બનાવવાનું કામ કરી રહ્યા છે. પોતાની સત્તા બચાવી રાખવા માટે તેઓ ખાલિસ્તાની તત્ત્વોના હાથની કઠપૂતળી બનવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેમને એ અનુમતિ ન આપી શકાય કે તેઓ ભારતીય હિતો માટે ખતરો પેદા કરે. છેલ્લા કેટલાક સમયથી ભારતના વાંધા બાદ પણ તેઓ એવું જ કરી રહ્યા છે. જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદીઓને એટલી બધી છૂટ આપી દીધી છે કે તેઓ ઈન્દિરા ગાંધીની હત્યાની પરેડ કાઢે છે અને એ તત્ત્વો વિરુદ્ધ કોઈ કાર્યવાહી પણ નથી કરતા, જે ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકાવે છે અને ત્યાં સુધી કે તેમનાં પોસ્ટરો પર ગોળીબાર કરતાં વીડિયો જારી કરે છે.તેમાં શંકા છે કે ભારત સરકારે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો જે નિર્ણય કર્યો, તેનાથી કેનેડા સરકાર સાચા રસ્તે આવશે.

## થોડું હટકે...

# હવે ચીન નેપાળને ગળી રહ્યું છે

ચીન દક્ષિણ એશિયામાં તેની આક્રમક અને વિસ્તરણવાદી નીતિઓ માટે જાણીતું છે. શ્રીલંકા કે માલદીવ, મ્યાનમાર કે ભૂટાનની વાત કરીએ આ તમામ દેશો છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનની આ નીતિનું સૌથી પરફેક્ટ ઉદાહરણ છે. હવે તેનું નિશાન નેપાળ છે. કહેવામાં આવી રહ્યું છે કે નેપાળના હુમલા જિલ્લાના ઘણા વિસ્તારોમાં ચીન અતિક્રમણ કરી રહ્યું છે. કેટલાક સ્થાનિક લોકોનું કહેવું છે કે ચીને તેમના વિસ્તારોમાં કાંટાળા તાર અને કોંક્રીટની ઘણી ઈમારતો બનાવી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર તિબેટના ઉચ્ચપ્રદેશમાં એક પહાડી પર 'ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી લાંબુ જીવો' સૂત્ર લખવામાં આવ્યું છે. તે જ સમયે, ચીની સેના નેપાળના આ ગામમાં રહેતા લોકો પર નિર્વાસિત તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામાની તસવીરો લગાવવા માટે દબાણ કરી રહી છે. ચીન કેમેરા દ્વારા આ વિસ્તારો પર નજર રાખી રહ્યું છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે ચીનની પોલીસ અને અન્ય દળો કોઈપણ પ્રતિબંધ વિના તેમના વિસ્તારોમાં પ્રવેશ કરે છે.સ્થાનિક નેપાળના લોકોનું કહેવું છે કે ચીન એક શક્તિશાળી દેશ છે. તે જે ઈચ્છે તે કરી શકે છે. એક દિવસ હિલ્સા પણ ગળી જશે તો અહીં શું થાય તેની કોને પડી છે. જો કે, નેપાળની વર્તમાન સરકાર, જેને ચીનની સમર્થક પણ માનવામાં આવે છે, તે તેના ક્ષેત્રમાં કોઈપણ પ્રકારના અતિક્રમણને સંપૂર્ણપણે નકારી રહી છે.નેપાળના હુમલામાં ચીન જે વાડ બાંધી રહ્યું છે તે તેના હજારો માઈલ લાંબા કિલ્લેબંધી નેટવર્કનો માત્ર એક ભાગ છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની સરકાર દ્વારા દૂરના વિસ્તારોમાં બળવાખોર વસ્તીને નિયંત્રિત કરવા અને કેટલાક કિસ્સાઓમાં અન્ય દેશોના ભાગોમાં અતિક્રમણ કરવા માટે આ કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક વર્ષોમાં ચીને પોતાની સરહદોની અંદર ડઝનબંધ વસાહતોનો સમાવેશ કર્યો છે. જો કે, ઘણી જગ્યાએ આનો વિરોધ થયો છે, પરંતુ તેમ છતાં, આ તમામ વસાહતો હવે ચીનનો ભાગ માનવામાં આવે છે. ચીનની આ વિસ્તરણવાદી નીતિ ખાસ કરીને ગરીબ અને નબળા દેશોને અસર કરી રહી છે.શી જિનપિંગ હેઠળ, ચીને તેની પરિઘ સાથેના વિવાદિત વિસ્તારોમાં તેના પ્રાદેશિક દાવાઓ પર ભાર મૂકવાના પ્રયાસો બમણા કર્યા છે, એમ વોશિંગ્ટનમાં સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના ચાઈના પાવર પ્રોજેક્ટના સાથી બ્રાયન હાર્ટે જણાવ્યું હતું.ચીનની સરહદે આવેલા વિસ્તારોમાં ક્ષેત્રીય વિસ્તરણ અંગેના વિવાદો અને વિવાદિત વિસ્તારોમાં ઘૂસણખોરી એ ચીનની વિસ્તરણવાદી નીતિનો એક ભાગ છે.

## ખાસ લેખ


**ઓરછાના સમૃદ્ધ વારસા અને વારસાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઓળખ અપાશે - અગ્ર સચિવ શ્રી શુક્લ**

**ભોપાલ - યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં ઓરછાના ઐતિહાસિક જૂથના નામાંકન માટે મધ્ય પ્રદેશ પ્રવાસન બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ ડોઝિયર (સંકલિત દસ્તાવેજો)ને કેન્દ્ર સરકારે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીને સોંપવામાં આવ્યા**

# ઓરછાને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવા માટે તૈયાર કરેલી ફાઈલને યુનેસ્કોએ સ્વીકારી

**કેન્દ્ર સરકારે ઓરછાને વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવાની ભલામણ કરી હતી.વર્ષ ૨૦૨૭-૨૮ માટે નોમિનેશન માટે પેરિસમાં ભારતીય હાઈ કમિશનરે ડોઝિયર સોંપ્યું**





ભોપાલ - યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં ઓરછાના ઐતિહાસિક જૂથના નામાંકન માટે મધ્ય પ્રદેશ પ્રવાસન બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ ડોઝિયર (સંકલિત દસ્તાવેજો)ને કેન્દ્ર સરકારે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીને સોંપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૭-૨૮ માટે કેન્દ્રએ ઓરછાના ઐતિહાસિક જૂથને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવાની ભલામણ કરી છે. પેરિસ સ્થિત યુનેસ્કો કાર્યાલયમાં ભારતીય રાજદૂત શ્રી વિશાલ વી શર્માએ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરના ડાયરેક્ટર શ્રી લાઝારે એલાઉન્ડાઉ અસોમોને ઓરછાનું ડોઝિયર સોંપ્યું છે. યુનેસ્કો દ્વારા સત્તાવાર જાહેરાત બાદ, ઓરછા દેશની એકમાત્ર વર્લ્ડ હેરિટેજ સાઈટ હશે જે રાજ્યના રક્ષણ હેઠળ છે.

પ્રવાસન અને સંસ્કૃતિના અગ્ર સચિવ અને મધ્યપ્રદેશ પ્રવાસન બોર્ડના પ્રબંધ નિદેશક શ્રી શિવ શેખર શુક્લાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ડો.મોહન યાદવના માર્ગદર્શન હેઠળ રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને પ્રવાસીઓને વિશ્વકક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અગ્ર સચિવ શ્રી શુક્લાએ યુનેસ્કો દ્વારા ડોઝિયરને સ્વીકારવા બદલ ખુશી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે રાજ્યની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા માટે આ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. ઓરછા તેની અનન્ય સ્થાપત્ય શૈલી અને સમૃદ્ધ ઐતિહાસિક મહત્વ માટે જાણીતું છે. વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં નોમિનેશન થવાથી ઓરછાના ઐતિહાસિક વારસાની વૈશ્વિક ઓળખને વધુ મજબૂત કરશે. સાથે જ ઓરછા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે એક પ્રમુખ આકર્ષણનું કેન્દ્ર બનશે.

નોંધનીય છે કે, દર વર્ષે કેન્દ્ર સરકાર દેશના એક વારસાને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં નોમિનેટ કરવા માટે યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન)ને ભલામણ કરે છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં રાજ્યના ૧૪ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખજુરાહો મંદિર સમૂહ, ભીમબેટકા ગુફાઓ અને સાંચી સ્તૂપ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કાયમી યાદીમાં સામેલ છે. યુનેસ્કોની કામચલાઉ યાદીમાં ગ્વાલિયરનો કિલ્લો, બુરહાનપુરનો ખુની ભંડારા, ચંબલ ખીણના ખડક કલા સ્થળો, ભોજપુરનું ભોજેશ્વર મહાદેવ મંદિર, મંડલાના રામનગરના ગોંડ સ્મારકો, ધામનારનું ઐતિહાસિક જૂથ, માંડુમાં સ્મારકોનું જૂથ, ઓરછાનું ઐતિહાસિક જૂથ, નર્મદાની ખીણમાં ભેડાઘાટ-લમેટાઘાટ, સાતપુરા ટાઈગર રિઝર્વ અને ચંદેરીનો સમાવેશ થાય છે.છેલ્લા ૫ વર્ષના સતત પ્રયત્નોથી મળી સફળતા મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ દ્વારા ૨૦૧૯ અને ૨૦૨૧ માં અનુક્રમે યુનેસ્કોની કામચલાઉ સૂચિમાં ઓરછા અને ભેડાઘાટનો સમાવેશ કરવા માટે દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

જેને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (છજીૈં) દ્વારા લાયક ગણવામાં આવ્યું હતું અને યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ વિભાગમાં મોકલવામાં આવ્યું હતું અને પછી તેને કામચલાઉ સૂચિમાં સામેલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાત પછી ટુરીઝમ બોર્ડ દ્વારા નિષ્ણાત સંસ્થાઓની મદદથી ઓરછા, માંડુ, ભેડાઘાટનું ડોઝિયર તૈયાર કરવામાં આવ્યું હતું અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણને મોકલવામાં આવ્યું હતું. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયે પ્રાથમિક નિરીક્ષણ કરી ઓરછાના ડોઝિયરની ભલામણ કરતા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ વિભાગને સોંપવામાં આવ્યું. યુનેસ્કોની પ્રશંસા કરતાં વર્લ્ડ હેરિટેજ કમિટી ઓરછાના ડોઝિયર પર હકારાત્મક વિચારણા કરે તેવી અપેક્ષા છે.

## ચિંતનની ક્ષણે



લેખક : ફાલ્ગુની વસાવડા

**જિંદગીની સૌથી મોટી ફિલોસોફી દર્શાવતી કવિની આ રચના માનવી કઈ રીતે પોતાની આખી જિંદગી ફરિયાદમાં વિતાવે છે**

**ક્યારેક જરૂરિયાતની માંગ, તો ક્યારેક અન્ય પણ માગણી રહે છે, વસ્તુની માગણી નહોય ત્યાં વ્યક્તિ વિશે ફરિયાદ થાય છે, એટલે કે સંબંધોમાં પણ એટલી જ ફરિયાદ આજકાલ વધી ગઈ છે, અને એને કારણે ગૃહસ્થાશ્રમ ખલાસ થઈ ગયા છે.**

# કભી બેકસી ને મારાં કભી બેબસી ને મારાં! બસ આમ જ સૌનાં જીવન મજબૂરીથી ઘેરાયેલા છે

**માનવીની એક બીજી માનસિકતા એ છે કે તેને પોતાને શાંતિ જોઈએ છે, પણ એ હર ક્ષણ કોઈની અશાંતિનું કારણ બને છે, એની તે નોંધ લેતો નથી.**



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઈશ્વર જીવાડે તેમ હર્ષ શોકથી મુક્ત થઈ જીવવું. વાત નાની લાગે છે પરંતુ પૂરી કરવામાં જિંદગી નીકળી જાય છે, અને માનવીય સ્વભાવ પણ વિચિત્ર છે. મોટેભાગે ફરિયાદોમાં જ જીવન પૂરું થતું જોવા મળે છે, અને એ પણ કેવી નાની નાની વાતની ફરિયાદ, પોતાને કંઈ ન મળ્યું તેની ફરિયાદ તો હજી પણ સમજી શકાય, પરંતુ બીજાને આવું શું કામ મળ્યું! એની પીડા જીવનમાં વધુ રહેતી હોવાથી જિંદગી આકરી લાગે છે. માનવીની એક બીજી માનસિકતા એ છે કે તેને પોતાને શાંતિ જોઈએ છે, પણ એ હર ક્ષણ કોઈની અશાંતિનું કારણ બને છે, એની તે નોંધ લેતો નથી. બસ બીજાની અશાંતિનું કારણ ન બનીએ તો શાંતિ આપોઆપ મળી જાય, એટલી નાનકડી સમજ કેળવવાની હોય છે.પણ એ થતું નથી એટલે શાંતિ માટેની દોડ જીવનના અંત સુધી ચાલે છે, અને ક્યારેક સંબંધમાં બેવફાઈની પીડા, તો ક્યારેક પ્રારબ્ધ સામે આંગળી ચીંધાય, તો ક્યારેક સમયના વહેણમાં તણાઈને નિઃસહાય થઈ જાય અને ક્યારેક આ બધા કારણથી જીવનથી હારી જાય છે, અને ચારે બાજુથી તેને મજબૂરી ઘેરી વળે છે, એવું તેને લાગે છે. બસ આવા જ એક ભાવનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

જિંદગીની સૌથી મોટી ફિલોસોફી દર્શાવતી કવિની આ રચના માનવી કઈ રીતે પોતાની આખી જિંદગી ફરિયાદમાં વિતાવે છે, એ વિશે કહે છે. આમ જુઓ તો ફરિયાદ એ હવે જીવનનો એક હિસ્સો બની ગયો છે નાની-નાની વાતોની ફરિયાદમાં જીવન પૂરું થઈ જાય છે, એ સત્યને ખરું કરવામાં આવે છે. ક્યારેક જરૂરિયાતની માંગ, તો ક્યારેક અન્ય પણ માગણી રહે છે, વસ્તુની માગણી નહોય ત્યાં વ્યક્તિ વિશે ફરિયાદ થાય છે, એટલે કે સંબંધોમાં પણ એટલી જ ફરિયાદ આજકાલ વધી ગઈ છે, અને એને કારણે ગૃહસ્થાશ્રમ ખલાસ થઈ ગયા છે. લોકોના અંદરોઅંદરના સંબંધોની મધુરતા નાની નાની અપેક્ષાના આગ્રહને કારણે ઓછી થતી જાય છે. આપણે ત્યાં એક કહેવત છે કે, ચાર વાસણ ભેગા થાય એટલે ખખડ્યા વગર ન રહે, એમ પરિવાર હોય ત્યાં થોડે ઘણે અંશે આ બધું વ્યાજબી છે, પરંતુ વારંવારના સંઘર્ષ અને તકરાર એ જીવનની મધુરતા છીનતા જાય છે. આજકાલ સેલ્ફ રિસ્પેક્ટ કે સ્વમાનને નામે સૌથી વધુ સંઘર્ષ થાય છે, પણ હકીકતમાં અહમનું જ કારણ હોય છે. જીવનની તકલીફ ઓછી થાય, એવું ઈચ્છતા હોઈએ તો આપણે પક્ષે જેટલો સુધારો કરી શકાય એટલો કરવો જેટલા સહનશીલ બની શકાય એટલું બનવું, અને જેટલું સમર્પણ થાય એટલું કરવું, તો અન્યની ફરિયાદ પણ ઓછી થશે, અને આપણે અપેક્ષા મુક્ત રહીએ તો ફરિયાદ ઓછી અનુભવાય, પણ આ લખવા જેટલું સહેલું નથી, પરંતુ ફરિયાદ કે જીવન વિશેની તકલીફ ઓછી કરવી હશે તો આવો માર્ગ વિચારવો પડશે. ક્યારેક સમજણનો અભાવ, ક્યારેય ધીરજનો અભાવ, ક્યારેક સહનશીલતાનો અભાવ, તો ક્યારેક શ્રદ્ધાનો અભાવ, અને અવિશ્વાસની ધરોહર આમ જ બનતી હોય છે. વસ્તુ, વ્યક્તિ, વ્યવહાર, આ બધામાં જ્યારે અવિશ્વાસની ભૂમિકા રચાય ત્યારે જીવનમાં ફરિયાદ વધે અને એ આપણને અસત્યનો માર્ગ પકડવા વિવશ કરે, મજબૂર કરે એવું બની શકે. કવિ સીધાસાદા શબ્દોમાં બહુ મહત્વની વાત કહી જાય છે, આમ પણ આનંદ બક્ષી સાહેબ સરળ રચના માટે જાણીતા છે. અહીં તે પોતાની રચનામાં સંબંધોમાં બેવફાઈ જોઈને લાચાર થઈ જાય છે, ત્યારની વાત આ રચનામાં લખે છે. આની માટે તે પ્રારબ્ધને પણ કારણભૂત ગણે છે, અને કહે છે કે મુકદર પર આપણું જોર ચાલતું નથી, અને એ રીતે પણ ક્યારેક મજબૂરી આવતી હોય છે. જીવનમાં દોસ્તોની કમી નથી તેમજ દુશ્મનોની પણ કમી નથી, એટલે કે સંબંધમાં બેવફાઈ મળે ત્યારે દોસ્ત પણ દુશ્મન બની જતા દેખાય શકે, અને એ રીતે એ ક્યારેક દોસ્તીને કારણે બેકસી એટલે કે લાચારીને અનુભવે, તો ક્યારેક દુશ્મનીને કારણે પણ મજબૂરી અનુભવે છે.

# ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ

**'ડોલ્ફિન ગણતરી- ૨૦૨૪' : ગુજરાતનો દરિયો ડોલ્ફિનનું 'ઘર' : ગુજરાતમાં કચ્છ થી ભાવનગર સુધીના દરિયાકિનારે ડોલ્ફિનનું અસ્તિત્વ નોંધાયું**

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર વન્ય - જળચર જીવ સૃષ્ટિના સંવર્ધન માટે અનેકવિધ પ્રકલ્પોની સાથે-સાથે તેમના સંરક્ષણ માટે કડક કાયદાઓ પણ બનાવવામાં આવ્યા છે.

તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'ડોલ્ફિનની વસ્તી ગણતરી' કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી સરકારના જળચર-વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે. જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન ક્ષણ છે.

વન મંત્રી શ્રી મુળુભાઈએ ડોલ્ફિન વસ્તી ગણતરી- ૨૦૨૪ની વિગતો આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે. કચ્છના અખાતના દક્ષિણી ભાગમાં આવેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના, ઓખા થી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો.કિ.મીની ના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરના ૪૯૪ ચો.કિ.મી.માં ૧૦ તેમજ મોરબીના ૩૮૮ ચો.કિ.મી.માં ૪ ડોલ્ફિન જોવા મળી છે. આમ કુલ મળીને ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયા વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, જે સમગ્ર રાજ્યની શોભા વધારે છે.વન મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 'સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ડોલ્ફિન ખુબ જ મહત્વનું જળચર પ્રાણી' છે. સમુદ્રી દરિયાઈ સસ્તન પ્રાણીઓના કેટલાક ટોચના શિકારી આહાર શ્રૃંખલામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને સમુદ્રી ઈકોસિસ્ટમમાં સંતુલન સુનિશ્ચિત કરવામાં પણ મદદ કરે છે. આ ડોલ્ફિનને બચાવવામાં કચ્છથી ભાવનગર સુધી દરિયામાં માછીમારી કરતા માછીમાર ભાઈઓનું યોગદાન પણ એટલું જ મહત્વનું છે. આ સર્વગ્રાહી પ્રયાસોના પરિણામે ગુજરાતના દરિયા કિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ - વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ડોલ્ફિન ગણતરી પદ્ધતિ અંગે જણાવ્યું હતું કે, આ સર્વે વન વિભાગ સહિત વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે બે દિવસ માટે યોજાયો હતો, જેમાં દરેક ટીમમાં ટેકનિકલ-વૈજ્ઞાનિક, નિરીક્ષક, ફોટોગ્રાફર અને ક્ષેત્ર સહાયક એમ કુલ મળીને ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા. વિવિધ બોટના માધ્યમથી કરાયેલા સર્વેમાં સહાયકોને દૂરબીન, યુનિટ જેવા અતિઆધુનિક ટેકનોલોજીની સુવિધા આપવામાં આવેલ હતી.ડોલ્ફિન અંગે વધુ વિગતો આપતા વન- પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈએ કહ્યું હતું કે, ગુજરાતના દરિયાકાંઠાના પાણીમાં ઈન્ડીયન ઓસન હમ્પબેક ડોલ્ફિન જોવા મળે છે. હમ્પબેક ડોલ્ફિન વધારે પ્રમાણમાં અરબી સમુદ્રમાં મળી આવે છે, તેને વિશિષ્ટ ખૂંધ અને વિસ્તરેલી ડોર્સલ ફિન એટલે કે, પૂંછડીથી ઓળખી શકાય છે. ડોલ્ફિન તેમના મૈત્રીપૂર્ણ અને જિજ્ઞાસુ સ્વભાવ માટે જાણીતી છે. ડોલ્ફિન ઘણીવાર લહેરોમાં કૂદતી અને રમતી જોવા મળે છે, જે પ્રવાસીઓને તેમના એક્રોબેટિક પ્રદર્શનથી આનંદિત કરી મૂકે છે. તેમનું શરીર આકર્ષક અને મોઢાનો આકાર 'બોટલ' જેવો હોવાથી તેમને સરળતાથી ઓળખી શકાય તેવી બનાવે છે. ડોલ્ફિનનો મુખ્ય ખોરાક માછલીઓ અને કરચલા, જિંગા હોવાથી દરિયાકિનારા અને નદીમુખો પાસે જોવા મળે છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતનું રાષ્ટ્રીય જળચર પ્રાણી 'ગંગા ડોલ્ફિન' છે, તે પવિત્ર ગંગા નદીની શુદ્ધતા દર્શાવે છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## હરિયાણામાં નવી સરકારની રચના થઈ ગઈ । અનેક મંત્રીઓએ શપથ લીધા

# હરિયાણામાં નાયબ સિંહ સૈનીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

### રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયે નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા । નાયબ સિંહ સતત બીજી વખત મુખ્યમંત્રી બન્યા

। ચંદીગઢ, તા.૧૭ ।

હરિયાણામાં નવી સરકારની રચના થઈ ગઈ છે. નાયબ સિંહ સૈની સહિત ૧૪ ધારાસભ્યોએ શપથ લીધા હતા. રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયે નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા. તેઓ સતત બીજી વખત મુખ્યમંત્રી બન્યા છે. ચૂંટણીના થોડા મહિના પહેલા જ તેમને સીએમ બનાવવામાં આવ્યા હતા. ૨૦૧૪માં તેઓ અંબાલાના નારાયણગઢથી ધારાસભ્ય બન્યા હતા. તેમને ખટ્ટર સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા હતા. આ પછી તેઓ કુરુક્ષેત્રથી લોકસભા સાંસદ તરીકે ચૂંટાયા. તેઓ ગત ટર્મમાં કરનાલ પેટાચૂંટણીમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. સૈની આ વખતે લાડવાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. તેઓ ૧૯૯૬થી ભાજપ અને આરએસએસ સાથે જોડાયેલા છે. સૈની પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરના નજીકના માનવામાં આવે છે. તે ઓબીસી સમુદાયમાંથી આવે છે.નાયબ સિંહ સૈની બાદ અનિલ વિજે મંત્રી પદના શપથ લીધા. અનિલ વિજ હરિયાણામાં ભાજપના સૌથી વરિષ્ઠ ધારાસભ્ય છે. તેઓ અંબાલા કેન્ટ મતવિસ્તારમાંથી સતત સાતમી વખત જીત્યા.









### ભાજપના નેતા મહિપાલ ધાંડાએ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા

ભાજપના નેતા મહિપાલ ધાંડાએ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. ધંડા જાટ સમુદાયમાંથી આવે છે. મહિપાલ સતત બીજી વખત સૈની કેબિનેટમાં સામેલ થયા છે. તેઓ પાણીપત ગ્રામ્ય સીટથી ધારાસભ્ય છે. તેઓ ૨૦૧૯માં પણ અહીંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. વિપુલ ગોયલ ફરીદાબાદ બેઠક પરથી જીત્યા. તે વૈશ્ય સમુદાયમાંથી આવે છે. ગોયલ બીજી વખત મંત્રી બન્યા છે. તેઓ ૨૦૧૪માં ધારાસભ્ય પણ બન્યા હતા. ૨૦૧૬માં જ્યારે મનોહર લાલ કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું ત્યારે વિપુલ ગોયલને પર્યાવરણ અને ઉદ્યોગ મંત્રી બનાવવામાં આવ્યા હતા. ગુરુગ્રામના બાદશાહપુરના ધારાસભ્ય રાવ નરવીરને કેબિનેટ મંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા. નરવીર ત્રીજી વખત ધારાસભ્ય બન્યા છે. તેની ટિકિટ ૨૦૧૯માં રદ કરવામાં આવી હતી.

### નાયબ સિંહ સૈની સહિત ૧૪ ધારાસભ્યોએ શપથ લીધા

બીજેપી નેતા શ્રુતિ ચૌધરીએ પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. તે પ્રથમ વખત તોશામ બેઠક પરથી ધારાસભ્ય બન્યા છે. તે જાટ સમુદાયમાંથી આવે છે. શ્રુતિ રાજ્યસભા સાંસદ કિરણ ચૌધરીની પુત્રી છે. શ્રુતિની માતા કિરણ ચૌધરી પણ હરિયાણા સરકારમાં મંત્રી રહી ચૂકી છે. તોશામ સીટ ૫૦ વર્ષથી વધુ સમયથી શ્રુતિ ચૌધરીના પરિવાર સાથે છે. ચૂંટણી પહેલા જ મા-દીકરી કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. વિજ મનોહર લાલ ખટ્ટરની સરકારમાં હરિયાણાના ગૃહમંત્રી હતા. વિજે આરોગ્ય અને રમતગમત જેવા ઘણા પોર્ટફોલિયો પણ સંભાળ્યા છે. ૨૦૧૪ પહેલા તેઓ રાજ્યમાં બીજેપી વિધાયક દળના નેતા હતા. વિજ પંજાબી સમુદાયમાંથી આવે છે. બીજેપી નેતા અરવિંદ શર્માને પણ કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે.

### રાજપૂત સમાજમાંથી આવતા શ્યામસિંહ રાણા પ્રથમ વખત કેબિનેટ મંત્રી બન્યા

રાજપૂત સમાજમાંથી આવતા શ્યામસિંહ રાણા પ્રથમ વખત કેબિનેટ મંત્રી બન્યા છે. તેઓ યમુનાનગરની રાદૌર સીટથી ધારાસભ્ય બન્યા છે. તેમણે કોંગ્રેસ પાસેથી રાદૌર બેઠક છીનવીને ભાજપને આપી, જેના પરિણામે તેમને મંત્રી પદ મળ્યું. આ પહેલા તેઓ ૨૦૧૪માં અહીંથી ધારાસભ્ય પણ બન્યા હતા. તેમને ખટ્ટર સરકારમાં મુખ્ય સંસદીય સચિવ પણ બનાવવામાં આવ્યા હતા. રણબીર ગંગવાને પણ કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓ અગાઉની સરકારમાં ડેપ્યુટી સ્પીકર હતા. ગંગવા હિસાર જિલ્લાની બરવાલા સીટના ધારાસભ્ય છે. તેઓ નલવાથી ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. ૨૦૧૦માં તેઓ આઈએનએલડીની ટિકિટ પર રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૪માં તેમણે આઈએનએલડીની ટિકિટ પર નલવા સીટ જીતી હતી. ૨૦૧૯ માં, તેઓ ભાજપની ટિકિટ પર નલવાથી લડ્યા હતા.

### બાબા સિદ્દીકીની હત્યા: બિશ્નોઇ ગેંગના બે મોડ્યુલ કામ કરી રહ્યા હતા

। મુંબઇ, તા.૧૭ ।

મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાની તપાસ ઝડપથી આગળ વધી રહી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ હત્યા કેસમાં બિશ્નોઈ ગેંગના બે મોડ્યુલ કામ કરી રહ્યા હતા. બાબા સિદ્દીકીની હત્યાને અંજામ આપવા માટે, આરોપીએ સેકન્ડ હેન્ડ બાઈક ખરીદી હતી અને લગભગ ૨૫ દિવસ મુંબઈમાં રહીને બાબા સિદ્દીકીની હિલચાલની રેકી કરી હતી. તમને જણાવી દઈએ કે ૧૨ ઓક્ટોબરના રોજ નિર્મલ નગરમાં જીશાન સિદ્દીકીની ઓફિસની બહાર બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.બાઈક ખરીદવા માટે આરોપી શુભમ લોંકરના ધરપકડ કરાયેલા ભાઈ પ્રવન લોંકરે અન્ય આરોપી હરીશના બેંક ખાતામાં ૬૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

### આસામના પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલના દાવાથી નવો વિવાદ

# ‘સંસદથી લઈને એરપોર્ટ બધું વક્ફની જમીન પર બનેલું છે’

। નવી દિલ્હી, તા.૧૭ ।



ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ(એઆઈયુડીએફ)ના વડા અને પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલે બુધવારે એક દાવો કરીને વિવાદ પેદા કરી દીધો છે. મુસ્લિમ સમુદાયના નેતા અજમલે દાવો કરીને કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં બનેલી સંસદ અને તેની આસપાસના બિલ્ડિંગ વક્ફ બોર્ડની સંપત્તિ પર બનેલા છે. બુધવારે મીડિયા પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં અજમલે દાવો કર્યો કે રાષ્ટ્રીય રાજધાનીમાં વસંતબિહારથી લઈને એરપોર્ટ સુધીના તમામ વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલા છે. સરકાર વક્ફ બોર્ડની ૯.૭ લાખ વીઘા જમીન પડાવી લેવા ઈચ્છે છે. તેમણે વક્ફની જમીન મુસ્લિમ સમાજને સોંપવાની પણ માગણી કરી છે.પૂર્વ સાંસદ અજમલે વક્ફ બિલનો વિરોધ કર્યો છે અને કહ્યું કે, આ સંદર્ભમાં અવાજ ઉઠાવી રહ્યા છીએ અને દુનિયાભરમાં વક્ફ સંપત્તિઓની યાદી સામે આવી રહી છે. સંસદભવન, તેની આસપાસના વિસ્તાર અને વસંત વિસ્તારથી લઈને એરપોર્ટ સુધીનો સમગ્ર વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલો છે. તેમણે આગળ એમ પણ કહ્યું કે, મંજૂરી વિના વક્ફની જમીનનો ઉપયોગ કરવો એ ખોટું છે. વક્ફ બોર્ડના આ મુદ્દા પર એ(મોદી સરકાર) ખૂબ જલદી પોતાની સરકાર ગુમાવી દેશે. આ દરમિયાન વિપક્ષના સાંસદોએ વક્ફ(સંશોધન) બિલ ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠક દરમિયાન સંસદીય આચાર સંહિતાના ભંગ પર લોકસભા અધ્યક્ષને પત્ર લખ્યો છે. સરકાર વક્ફ બોર્ડની ૯.૭ લાખ વીઘા જમીન પડાવી લેવા ઈચ્છે છે, તેમણે વક્ફની જમીન મુસ્લિમ સમાજને સોંપવાની પણ માગણી કરી છે.

### બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમાર મુખ્યપ્રધાન પદ સંભાળવામાં અસમર્થ છે : તેજસ્વી યાદવ

। પટણા, તા.૧૭ ।

બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આરજેડી નેતા તેજસ્વી યાદવે સીએમ નીતિશ કુમારને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, ‘હું બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારનું ખૂબ સન્માન કરું છું. બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમાર મુખ્યપ્રધાન પદ સંભાળવામાં અસમર્થ છે. તેઓ ઘણા વર્ષોથી મુખ્યમંત્રી રહ્યા છે. પરંતુ હવે સ્થિતિ અલગ અને સંવેદનશીલ છે.તેજસ્વી યાદવે કહ્યું કે હું અંગત રીતે નીતિશ કુમારનું ઘણું સન્માન કરું છું. તેને આપણા કરતા વધારે સન્માન કોઈએ આપ્યું નથી અને આપશે પણ નહીં. પરંતુ જે રીતે તેમની તબિયત લથડી છે તે ચિંતાનો વિષય છે. તેજસ્વીએ કહ્યું કે તેઓ બિહારના સીએમ પદ સંભાળવાના નથી. હવે સમય છે. તેઓ ઘણા વર્ષો સુધી સીએમ છે પરંતુ હવે તેઓ બિહારને સંભાળી શકતા નથી. તે થાકી ગયો છે.તમને જણાવી દઈએ કે તાજેતરમાં પટનામાં પોસ્ટર વોર ફાટી નીકળ્યું હતું. આ પોસ્ટરો આરજેડી ઓફિસ પાસે લગાવવામાં આવ્યા હતા. જોકે, પોસ્ટર કોણે લગાવ્યું તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. પરંતુ આ પોસ્ટરમાં જે લખવામાં આવ્યું છે તેને ભાજપ સમર્થન આપતું જણાય છે. પોસ્ટરમાં લાલુ યાદવ અને તેજસ્વી યાદવના કાર્ટૂન ફોટા બનાવવામાં આવ્યા હતા. જેમાં તેજસ્વીના નામનો ઉલ્લેખ ફલસ્વી યાદવ તરીકે પણ કરવામાં આવ્યો હતો.

### જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ ૨૩ મે, ૨૦૨૫ સુધી રહેશે

# જસ્ટિસ સંજીવ ખન્ના દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ હશે : સીજેઆઇ ચંદ્રચુડ

### વર્તમાન ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે જસ્ટિસ ખન્નાને આગામી સીજેઆઈ બનાવવા કેન્દ્ર સરકારને ભલામણ કરી

। નવીદિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટના બીજા સૌથી સિનિયર જજ જસ્ટિસ સંજીવ ખન્ના દેશના આગામી ચીફ જસ્ટિસ હશે. વર્તમાન ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે જસ્ટિસ ખન્નાને આગામી સીજેઆઈ બનાવવા કેન્દ્ર સરકારને ભલામણ કરી છે. જો કેન્દ્ર સરકાર આ ભલામણને સ્વીકારે છે, તો જસ્ટિસ ખન્ના ૧૦ નવેમ્બરે CJI તરીકે કાર્યભાર સંભાળશે. વર્તમાન ન્યાયમૂર્તિ ચંદ્રચુડ એ જ દિવસે નિવૃત્ત થઈ રહ્યા છે. જસ્ટિસ ખન્નાનો કાર્યકાળ ૨૩ મે, ૨૦૨૫ સુધી રહેશે. એટલે કે તેઓ લગભગ સાડા છ મહિના સુધી આ પદ પર રહેશે.કેન્દ્ર સરકારે, સ્થાપિત નિયમો હેઠળ, ગયા શુક્રવારે સીજેઆઈને તેમના અનુગામીનું નામ સૂચવવા વિનંતી કરી હતી. જેના જવાબમાં ચીફ જસ્ટિસ ચંદ્રચુડે આ ભલામણ કરી છે. જસ્ટિસ સંજીવ ખન્ના ભારતીય ન્યાયતંત્રમાં તેમની નિષ્પક્ષતા અને કાનૂની વિદ્વતા માટે જાણીતા છે. સુપ્રીમ કોર્ટમાં બઢતી પહેલા તેઓ દિલ્હી હાઈકોર્ટના જજ રહી ચૂક્યા છે. તેમને ૧૮ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના જજ બનાવવામાં આવ્યા હતા. જસ્ટિસ ખન્ના સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ હંસરાજ ખન્નાના ભત્રીજા છે.જસ્ટિસ સંજીવ ખન્નાનો જન્મ ૧૪ મે ૧૯૬૦ના રોજ થયો હતો. સીજેઆઈના પિતા જસ્ટિસ દેવ રાજ ખન્ના પણ દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે નિવૃત્ત થયા હતા. તેમની માતા સરોજ ખન્ના એલએસઆર ડીયુમાં લેક્ચરર હતી. અહીંથી જ તેણે શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યું. વર્ષ ૧૯૮૦માં દિલ્હી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશનની ડિગ્રી લીધી. આ પછી તેણે ડીયુમાંથી કાયદામાં એડમિશન લીધું.કાયદાનો અભ્યાસ પૂરો કર્યા પછી, તેમણે ૧૯૮૩માં દિલ્હીની બાર કાઉન્સિલમાં એડવોકેટ તરીકે પ્રવેશ મેળવ્યો. શરૂઆતમાં દિલ્હીના તીસ હજારી કેમ્પસમાં પ્રેક્ટિસ શરૂ કરી. આ પછી દિલ્હી હાઈકોર્ટમાં વિવિધ ક્ષેત્રોમાં પ્રેક્ટિસ કરી. વર્ષ ૨૦૦૫માં તેઓ દિલ્હી હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત થયા હતા.

### ગેરકાયદે સંબંધમાં અડચણરૂપ બની રહેલા પતિની પત્નીએ જાતે જ હત્યા કરી નાખી

। લખનૌ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં એક મહિલાએ પોતાના જ પતિની હત્યા કરી નાખી છે. પોલીસે જણાવ્યું કે મૃતક પતિ મહિલાના ગેરકાયદેસર સંબંધમાં અડચણરૂપ બની રહ્યો હતો, તેથી મહિલાએ તેના પ્રેમી દ્વારા તેની હત્યા કરાવી હતી. મામલો બનિયાથેર પોલીસ સ્ટેશન વિસ્તારના અકબરપુર ગામનો છે. પોલીસે ત્રણ દિવસ પહેલા થયેલ પુષ્પેન્દ્ર હત્યા કેસનો ખુલાસો કર્યો છે.પોલીસે જણાવ્યું કે આ હત્યા અન્ય કોઈએ નહીં પરંતુ તેના પિતરાઈ ભાઈએ કરી હતી. પોલીસે મૃતક પુષ્પેન્દ્રની પત્ની અને આરોપી અજયની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે હત્યામાં વપરાયેલી છરી પણ કબજે કરી લીધી છે. આ બાબતનો ખુલાસો કરતા પોલીસે જણાવ્યું કે પુષ્પેન્દ્રના ગુમ થયાની રિપોર્ટ ૧૩ ઓક્ટોબરે નોંધાવવામાં આવી હતી.

# કોંગ્રેસ અને આપ અડધાથી વધુ પંચાયતોમાં જીતનો દાવો કર્યો

। ચંડીગઢ, તા.૧૭ ।



પંજાબમાં ૯૩૯૮ પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. રાજ્યના તમામ રાજકીય પક્ષોએ પોતપોતાની જીતનો દાવો કર્યો છે. જ્યારે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ અડધાથી વધુ પંચાયતોમાં જીતનો દાવો કરી રહી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી કહે છે કે તેઓએ ૪૫ ટકા પંચાયતો જીતી છે.શિરોમણી અકાલી દળ પણ ચૂંટણીમાં મોટી જીતનો દાવો કરી રહી છે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ચૂંટણીમાં કુલ ૭૭% મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન માણસામાં ૮૩.૨૭% અને સૌથી ઓછું તરનતારનમાં ૬૪.૪૦% નોંધાયું હતું.રાજ્યના ચૂંટણી કમિશનર રાજ કમલ ચૌધરીએ જણાવ્યું હતું કે, માણસા જિલ્લો મતદાનની ટકાવારીમાં પ્રથમ ક્રમે છે. એ જ રીતે, અમૃતસરમાં ૬૮.૧૨%, ભટિંડામાં ૭૯.૪૩%, બરનાલામાં ૭૫.૨૧%, ફતેહગઢ સાહિબમાં ૭૮.૪૭%, ફરિદકોટમાં ૭૦.૨૧%, ફિરોઝપુરમાં ૭૫.૧૪%, ફાઝિલકામાં ૮૨.૩૧%, ગુરદાસપુરમાં ૬૯%, હોરદાસપુરમાં ૬૯% અને હોર્લેન્ડમાં ૭૯%. ૬૬.૩૦% મતદાન નોંધાયું છે. કપૂરથલામાં ૬૬.૧૪%, લુધિયાણામાં ૬૭.૧%, મલેરકોટલામાં ૭૭.૨૨%, મોગામાં ૬૯.૯૧%, મોહાલીમાં ૭૬.૯૩%, શ્રી મુક્તસર સાહિબમાં ૭૮.૨૭%, જીમ્જી નગરમાં ૬૯.૫૨%, ૭૩.૫૭%, પટિયાણામાં ૭૯.૫૭%, પટિયાણામાં ૭૯૨%. રોપરમાં ૭૭% અને સંગરુરમાં ૭૯.૪૫% મતદાન નોંધાયું હતું. ગત વખત કરતાં આ વખતે ઓછું મતદાન થયું છે. ગત વખતે ૮૦.૩૮ ટકા મતદાન થયું હતું.

### સ્ટીકર પેપર લીક કેસમાં ૧.૩૧ કરોડની સંપત્તિ જપ્ત, ઈડીએ આરોપીની સંપત્તિ જપ્ત કરી

। જમ્મુ, તા.૧૭ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જમ્મુ અને કાશ્મીર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૧૨ પ્રશ્નપત્ર લીક કેસમાં ચાર આરોપીઓની રૂ. ૧.૩૧ કરોડની સ્થાવર મિલકતો જપ્ત કરી છે, ઈડીના શ્રીનગર અનુસાર, સજાદ હુસૈન ભટ સામે કાર્યવાહી કરવામાં આવશે , મોહમ્મદ અમીન ગની, સુહેલ અહેમદ વાની અને શબીર અહેમદ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. અટેચ કરેલી મિલકતો શ્રીનગર અને આસપાસના વિસ્તારોમાં આવેલી છે. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ હેઠળ કરવામાં આવી છે.ક્રાઈમ બ્રાન્ચ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, શ્રીનગર એ તત્કાલીન બોર્ડ ઓફ પ્રોફેશનલ એન્ટ્રન્સ એક્ઝામિનેશનના અધ્યક્ષ મુશ્તાક અહેમદ પીર અને અન્ય લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી.

### મહારાષ્ટ્રમાં કોંગ્રેસે ૬૨ નામ ફાઇનલ કર્યા

# નાંદેડથી રવીન્દ્ર ચવ્હાણ ઉમેદવાર બનશે !

। મુંબઇ, તા.૧૭ ।





મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ દાવો કર્યો હતો કે પાર્ટીએ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે ૮૪માંથી ૬૨ ઉમેદવારોના નામોને મંજૂરી આપી દીધી છે. ૨૦ ઓક્ટોબર, રવિવારે કોંગ્રેસની ઝઈઝની બેઠક મળશે. આ બેઠક બાદ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. દરમિયાન, રાજ્ય નેતૃત્વએ નાંદેડ સંસદીય પેટાચૂંટણી માટે પૂર્વ સાંસદ વસંતરાવ ચવ્હાણના પુત્ર રવિન્દ્ર ચવ્હાણના નામની દરખાસ્ત કરી છે.તમને જણાવી દઈએ કે ચૂંટણી પંચે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન અને ૨૩ નવેમ્બરે મતગણતરી કરવાની જાહેરાત કરી છે. ચૂંટણીની જાહેરાત થતાં જ મહારાષ્ટ્રમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.મહારાષ્ટ્રમાં કોંગ્રેસ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને એનસીપી (શરદ પવાર) સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી રહી છે. જો કે, હજુ સુધી મહા વિકાસ અઘાડીના પક્ષો વચ્ચે સીટોની વહેંચણી કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં નાના પટોલેના આ નિવેદનને રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની યાદીને અંતિમ રૂપ આપવા માટે બુધવારે દિલ્હીમાં કોંગ્રેસની સ્ક્રીનિંગ પેનલની બેઠક મળી હતી.




## અજય દેવગણ અને રોહિત શેટ્ટીએ પણ લીધો ભાગ

# ‘સિંઘમ અગેઈન’ની રિલીઝ પહેલા જ બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ



‘સિંઘમ અગેઈન’ની રિલીઝ પહેલા જ અજય દેવગણ, રોહિત શેટ્ટીએ એવું કામ કર્યું કે બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડસ્વિગીએ હાલમાં જ એક નવો રેકોર્ડ બનાવ્યો છે જેણે લોકોને ચોંકાવી દીધા છે. સ્વિગીએ ફિલ્મ ‘સિંઘમ અગેઈન’ની ટીમ સાથે મળીને એક જ ડિલિવરીમાં ૧૧,૦૦૦ વડાપાવની ડિલિવરી કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ ડિલિવરી મુંબઈમાં રોબિન હૂડ આર્મીના બાળકોને કરવામાં આવી હતી, જે ભૂખ સામે કામ કરતી એનજીઓ છે.અજય દેવગણ અને રોહિત શેટ્ટીએ પણ આ પહેલમાં ભાગ લીધો હતો. વડાપાવની ડિલિવરી વિલે પાર્લેની એરપોર્ટ હાઈસ્કૂલ અને જુનિયર કોલેજથી શરૂ થઈ હતી, જ્યાં અજય દેવગણ, રોહિત શેટ્ટી અને સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનને ઓર્ડર મળ્યો હતો. આ પછી બાંદ્રા, જુહુ, અંધેરી ઈસ્ટ, મલાડ અને બોરીવલીની વિવિધ શાળાઓમાં વડાપાવનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ડિલિવરી માટે સ્વિગીએ તેના નવા લોન્ચ કરેલા સ્વિગી એક્સએલ ફ્લીટનો ઉપયોગ કર્યો હતો, જે મોટા પાયે ઓર્ડરને હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ડિલિવરી વધુ કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે.સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનએ જણાવ્યું હતું કે, “સ્વિગીના ૧૦ વર્ષમાં, અમે મુંબઈ અને અન્ય શહેરોમાં લાખો વડાપાવ પહોંચાડ્યા છે અને અમે ‘સિંઘમ અગેઈન’ સાથે મળીને સૌથી મોટા સિંગલ ફૂડ ઓર્ડર માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે ઉત્સુક છીએ. આ રોમાંચક કાર્યક્રમ સ્વિગીની ફૂડ ડિલિવરી પ્રત્યેના કમિટમેન્ટને સંપૂર્ણપણે દર્શાવે છે, પછી તે મોટો ઓર્ડર હોય કે નાનો ઓર્ડર હોય અને શાનદાર સિંઘમ સ્ટાઈલમાં આઈકોનિક સ્ટ્રીટ ફૂડ માટે મુંબઈના પ્રેમની ઉજવણી કરે છે.આ રેકોર્ડ બ્રેકિંગ ડિલિવરી સ્વિગીને ક્વિક કોમર્સ ઈન્ડસ્ટ્રીમાં એક નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધું છે. સ્વિગીની આ સફળતા અન્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મને પણ પ્રેરણા આપશે અને તેઓ પણ તેમના ગ્રાહકોને વધુ સારી સેવા આપવાનો પ્રયાસ પણ કરશે.

# વર્કઆઉટ દરમિયાન રકુલ પ્રીત સિંહ સાથે થયો અકસ્માત

## બેદરકારી બની દુર્ઘટનાનું કારણ



બોલિવૂડ એક્ટ્રેસ રકુલપ્રીત સિંહને લઈને એક મોટા સમાચાર આવી રહ્યા છે. અભિનેત્રીને તાજેતરમાં ગંભીર ઈજા થઈ હતી, જેના પછી તેને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. એવું કહેવાય છે કે, રકુલને આ ઈજા ત્યારે થઈ જ્યારે તે જિમમાં વર્કઆઉટ કરી રહી હતી. વર્કઆઉટ દરમિયાન એક્ટ્રેસ ૮૦ કિલોની ડેડલિફ્ટનું સેશન કરી રહી હતી, પરંતુ બેલ્ટ વગર ડેડલિફ્ટ કરવાને કારણે તેની પીઠમાં તણાવ આવી ગયો. આ અકસ્માત બાદ રકુલપ્રીત સિંહને લગભગ એક અઠવાડિયા સુધી બેડ રેસ્ટ કરવાની સલાહ આપવામાં આવી છે. આ સમાચાર સાંભળતા જ તેના ફેન્સ ખૂબ જ પરેશાન થઈ ગયા હતા અને તેના જલ્દી સ્વસ્થ થવાની કામના કરી રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રકુલપ્રીત સિંહ સાથે આ અકસ્માત ૫ ઓક્ટોબરે થયો હતો, ત્યારબાદ તે આરામ કરી રહી છે. એક સૂત્રએ જણાવ્યું કે, ૫ ઓક્ટોબરની સવારે રકુલ જિમમાં વર્કઆઉટ કરી રહી હતી. અભિનેત્રી ૮૦ કિલોની ડેડલિફ્ટ કરી રહી હતી પરંતુ આ દરમિયાન તેણે બેલ્ટ પહેર્યો ન હતો. બેલ્ટ પહેર્યા વિના ડેડલિફ્ટ કરવાને કારણે એક્ટ્રેસને પીઠમાં ઈજા થઈ હતી. સૂત્રએ જણાવ્યું કે, આ હોવા છતાં, રકુલે પોતાને વર્કઆઉટ માટે દબાણ કર્યું અને કસરત ચાલુ રાખી. જેના કારણે તેની ઈજા ઘણી ગંભીર બની ગઈ હતી.સૂત્રએ જણાવ્યું કે, પીઠની ઈજાને કારણે ડૉક્ટરે રકુલપ્રીત સિંહને કમ્પ્લીટ બેડ રેસ્ટ લેવાની સલાહ આપી છે. તેની ન્૪, ન્૫ અને જી૧ ચેતા અવરોધિત છે.

# પ્રતિષ્ઠિત સ્ટાર પરિવાર એવોર્ડ ૨૦૨૪ની જાહેરાતથી, દર્શકોની ઉત્સુકતા વધુ વધી

## સ્ટાર પ્લસ જોડી અંકિત રાયઝાદા, ઉર્ફે અમન સિંહ રાજપૂત સ્ટાર પરિવાર એવોર્ડ ૨૦૨૪ પર તેના જાદુઈ પ્રદર્શનથી પ્રેક્ષકોને ટેલિવિઝન સ્ક્રીન પર આકર્ષિત રાખ્યા!



દર વર્ષે, સ્ટાર પરિવાર એવોર્ડ જોવાની અપેક્ષા અને ઉત્સાહ બમણી થાય છે. પ્રતિષ્ઠિત સ્ટાર પરિવાર એવોર્ડ ૨૦૨૪ ની જાહેરાતથી, દર્શકોની ઉત્સુકતા આ વર્ષે વધુ વધી છે. સ્ટાર પરિવાર એવોર્ડ ૨૦૨૪ રેડ કાર્પેટ એક ભવ્ય અને અદભૂત ઈવેન્ટ હતી, જેમાં સ્ટાર પ્લસ ના તમામ કલાકારો તેમના સૌથી સ્ટાઈલિશ અને આકર્ષક પોશાકમાં ચમકતા હતા. સ્ટાર પ્લસના કલાકાર રેડ કાપ ેટ પર તેમના સૌથી વધુ ચમકદાર અને ધમાકેદાર અવતારમાં ચમક્યા હતા. રાજન શાહી, રૂપાલી ગાંગુલી, ગૌરવ ખન્ના, સમૃદ્ધિ શુક્લા, રોહિત પુરોહિત, ભાવના શર્મા, હિતેશ ભારદ્વાજ, અંકિત ગુપ્તા, ઋતુજા બાગ વે, અંકિત રાયઝાદા, શ્રીતમા મિત્રા, કુશલ આહુજા, હિબા નવાબ, અક્ષિત સુખીયા, અદિતિ ખાન, બાબા, ત્રિપુટી, સલિફ ખાન , અને વિજયેન્દ્ર કુમેરિયા, સ્ટાર પ રિવાર એવોર્ડ ૨૦૨૪ રેડ કાર્પેટ પર પહોંચ્યા.આ વર્ષે સ્ટાર પરિવાર એવોર્ડ્સની થીમ ટેલિવિઝનના વર્ષના સૌથી મોટા લગ્ન છે - સચિન અને સાયલા ના લગ્ન, જે એક અસાધારણ પ્રણય હતો જેણે સ્ટાર પરિવારની પ્રતિભાઓ દ્વારા ઘણા પ્રદર્શનને ચિહ્નિત કર્યા હતા, અને તેમાંથી સ્ટાર પ્લસ જોડી દ્વારા આકર્ષક પ્રદર્શન હતું. અંકિત રાયજાદા ઉર્ફે અમન સિંહ રાજપૂત અને શ્રીતામા મિત્રા ઉર્ફે અંજલી શોમાંથી એડવોકેટ અંજલી અવસ્થી. આ બંનેએ આઈનવાઈ આઈનવાઈ ગીત રજૂ કર્યું અને તે ખરેખર એક આનંદદાયક દૃશ્ય હતું.

શ્રીતામા મિત્રા, ઉર્ફે અંજલી અવસ્થી સ્ટાર પ્લસ શો તરફથી એડવોકેટ અંજલિ અવસ્થી શેર કરે છે, જ્યારથી સ્ટાર પરિવાર એવોર્ડની શરૂઆત થઈ ત્યારથી, હું પણ તેના વિશે ઉત્સુક અને ઉત્સુક છું, અને આ વર્ષ તેનો ભાગ બનવું એ આનંદદાયક અને આશીર્વાદરૂપ અનુભવ રહ્યું છે. . આ પ્રથમ વખત છે; હું રેડ કાર્પેટ અને મુખ્ય ઈવેન્ટની રાત્રે પણ હાજરી આપી હતી; આ અનુભવ ચોક્કસપણે તેના પ્રકારનો એક હતો.

# ‘હું સલમાન ભાઈને બદલે બિશ્નોઈ સમુદાયની માફી માગું છું’

‘હું સલમાન ભાઈને બદલે બિશ્નોઈ સમુદાયની માફી માગું છું’, આટલું કહીને બોલિવૂડની ડ્રામા ક્વીન કરવા લાગી આવુંમહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને દ્ગઝ્ર નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સલમાનના નજીકના મિત્ર ગણાતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. આ એ જ ગેંગ છે જેણે સલમાનને ભૂતકાળમાં ઘણી વખત ધમકી આપી હતી, જેમાં તેના ઘરની બહાર ફાયરિંગ અને ધમકીભર્યા પત્રો મોકલવાની ઘટનાઓ સામેલ છે. હવે બોલિવૂડની ડ્રામા ક્વીને સલમાન ખાન વતી લોરેન્સ બિશ્નોઈની માફી માગી છે.બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ અભિનેત્રી રાખી સાવંતે સલમાન ખાન વતી બિશ્નોઈ સમુદાયની માફી માગી છે. રાખીએ વીડિયોમાં હાથ જોડીને બિશ્નોઈ સમુદાયને સલમાન વિરુદ્ધ કંઈ ન કરવાની અપીલ કરી છે. વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં રાખી કહે છે, ‘હું બિશ્નોઈ સમુદાયની માફી માગું છું, મારા સલમાન ભાઈને માફ કરો. તે ગરીબોનો દાતા છે.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં રાખી ઈમોશનલ થઈ રહી છે અને હાથ જોડીને ઉઠક બેઠક કરી રહી છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, રાખી સલમાન ખાન માટે પોતાનો પ્રેમ અને ચિંતા બંને વ્યક્ત કરી રહી છે.


# કામ પર પરત ફરી દીપિકા પાદુકોણ, પતિ રણવીરે શેર કર્યો વીડિયો

## ફેન્સની નજર દીપિકાની ફિટનેસ પર ટકી

દીપિકા પાદુકોણે ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં દીકરીને જન્મ આપ્યો હતો. દીપિકા-રણવીરે ૮ સપ્ટેમ્બરે પોતાની દીકરીના જન્મના ખુશખબર ફેન્સ સાથે શેર કર્યા હતા. અભિનેત્રીને માતા બન્યાને માત્ર એક મહિનો અને થોડા દિવસો જ થયા છે, પરંતુ ફેન્સ તેને ફરીથી પડદા પર જોવા માટે ઉત્સુક છે અને દીપિકાએ હવે તેના ફેન્સની ઈચ્છા પૂરી કરી દીધી છે. દીપિકા સ્ક્રીન પર પાછી ફરી છે અને તે પણ પતિ રણવીર સિંહ સાથે. રણવીરે તેની ઝલક સોશિયલ મીડિયા પર પણ શેર કરી છે.રણવીર સિંહે હાલમાં જ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેની પત્ની દીપિકા પાદુકોણ પણ તેની સાથે જોવા મળી હતી. રણવીરે એક જાહેરાતનો વીડિયો શેર કર્યો છે, જેમાં તેની પત્ની દીપિકા પાદુકોણ પણ તેની સાથે જોવા મળી રહી છે. વીડિયો શેર કરતી વખતે રણવીરે કેપ્શનમાં લખ્યું - ‘ખ્યાલ હી ઘર કો ઘર બનાતા હૈ’ આ વીડિયો પર કપલના ઘણા ફેન્સે પણ પ્રતિક્રિયા આપી છે.આ વીડિયોમાં જે વાતની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે છે દીપિકાની ફિટનેસ. અભિનેત્રી ગયા મહિને જ માતા બની હતી, પરંતુ વીડિયોમાં તેની ફિટનેસ જોઈને કોઈ કહી શકતું નથી કે તેણે માત્ર ૪૦ દિવસ પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. શર્ટ અને પેન્ટમાં જોવા મળેલી દીપિકા ખૂબ જ ફિટ અને સુંદર લાગી રહી છે. આવી સ્થિતિમાં, ફેન્સ પણ તેની ફિટનેસ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.તો બીજી તરફ કેટલાક યૂઝર્સ એવા પણ હતા જેઓ વીડિયો પર કોમેન્ટ કરતી વખતે દીપિકા-રણવીરની લાડલીનું નામ પૂછવા લાગ્યા હતા.



# બાબા સિદ્દીકીને અંતિમ વિદાઈ આપવા કેમ ન આવ્યો ખાસ મિત્ર શાહરૂખ ખાન?



રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકની ૧૨ ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી. આ ઘટના મુંબઈના બાંદ્રામાં તેમના દીકરા જિશાન સિદ્દીકીની ઓફિસની બહાર બની હતી. અચાનક ત્રણ હુમલાખોરોએ તેમની ગોળી મારીને હત્યા કરી નાખી. બાબા સિદ્દીકીની હત્યાથી બોલિવૂડ સ્ટાર્સ સહિત તેમના ઘણા ફેન્સને આઘાત લાગ્યો છે. બાબા સિદ્દીકીને બોલિવૂડની કેટલીક હસ્તીઓ સાથે નજીકના સંબંધો હતા. તેઓ દર વર્ષે ઈદના અવસર પર ઈફ્તાર પાર્ટીનું આયોજન કરતા હતા, જેમાં શાહરૂખ ખાનથી લઈને સલમાન ખાન સુધીના ઘણા સુપરસ્ટાર્સ જોવા મળતા હતા.બાબા સિદ્દીકીના નિધન બાદ સલમાન, સંજય, શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા, પૂજા ભટ્ટ, ઝહીર ઈકબાલ સહિત ઘણા સ્ટાર્સ તેમને વિદાય આપવા આવ્યા હતા. જોકે, શાહરૂખ ખાને આ સમગ્ર મામલે મૌન જાળવી રાખ્યું છે. કિંગ ખાને તેમના અંતિમ સંસ્કારમાં પણ હાજરી આપી ન હતી. આખરે આની પાછળનું કારણ શું છે?શાહરૂખ રાજકારણની સાથે બાબા સિદ્દીકી હત્યાના વિષયથી પણ પોતાને દૂર રાખવા માગે છે. એક સૂત્રએ જણાવ્યું કે, શાહરૂખ ખાન બાબા સિદ્દીકીની હત્યા કેસમાં સામેલ થવા નથી ઈચ્છતો. આ મામલો સલમાન ખાન સાથે પણ જોડાયેલો છે અને કિંગ ખાન આ બાબતથી દૂર રહેવા માગે છે.

# ફરી બદલાઈ ગઈ ફિલ્મ ‘પુષ્પા-૨’ની રિલીઝ ડેટ


દર્શકો ઘણા સમયથી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ ‘પુષ્પા-૨’ની રાહ જોઈ રહ્યા છે. તેલુગુ ભાષામાં બનેલી આ ફિલ્મ વર્ષ ૨૦૨૧માં રિલીઝ થઈ હતી. સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની આ પહેલી ફિલ્મ હતી, જે પેન ઈન્ડિયા રિલીઝ થઈ હતી. આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી હતી. આ ફિલ્મના બીજા ભાગ ‘પુષ્પાઃ ધ રૂલ’ની જાહેરાત થઈ ત્યારથી જ ફેન્સ તેની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ કોઈને કોઈ કારણસર ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધી રહી હતી. હવે ફરી એકવાર અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા-૨’ની રિલીઝ ડેટ બદલવામાં આવી છે, પરંતુ આ વખતે ફેન્સ નિરાશ નહીં થાય, પરંતુ ખુશીથી ઝૂમી ઉઠશે. સુકુમાર દ્વારા દિગ્દર્શિત ‘પુષ્પાઃ ધ રૂલ’ આ વર્ષે ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ થિયેટરમાં રિલીઝ થવાની હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર વિકી કૌશલ અને રશ્મિકા મંદાના સ્ટારર ‘છાવા’ સાથે ક્લેશ થવાની હતી. હવે એક સમાચાર અનુસાર ‘પુષ્પા ધ રૂલ’ની રિલીઝ ડેટ બદલવામાં આવી છે. અહેવાલો અનુસાર, નિર્માતા અલ્લુ અર્જુનની ફિલ્મ ૬ ડિસેમ્બરે નહીં, પરંતુ ૫ ડિસેમ્બરના રોજ રિલીઝ કરશે. આ રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, મેકર્સ ‘પુષ્પા-૨’નું સ્પેશિયલ પ્રીમિયર કરવાની પણ યોજના બનાવી રહ્યા છે, જે ૪ ડિસેમ્બરે મુંબઈમાં રાત્રે ૯:૩૦ વાગ્યે થઈ શકે છે. કારણ કે, અલ્લુ અર્જુનની સાઉથમાં મોટી સંખ્યામાં ફેન્સ ફોલોઈંગ છે, તે જોતાં ત્યાં પણ બપોરે ૧ વાગ્યાથી વિશેષ પ્રીમિયર શો શરૂ થશે. જોકે, નિર્માતાઓએ હજી સુધી પ્રીમિયર અથવા રિલીઝની તારીખમાં કોઈ ફેરફારની પુષ્ટિ કરી નથી.અપડેટ્સ ફક્ત ‘પુષ્પા ૨’ની રિલીઝ ડેટમાં ફેરફાર વિશે જ નહીં, પરંતુ ફિલ્મના ભવ્ય ટ્રેલર લોન્ચ વિશે પણ બહાર આવ્યું છે.



# ગેલેક્સીની બહાર મીડિયા અને સામાન્ય લોકો પર પ્રતિબંધ

## સલમાન ખાનને મળી વાય+ કેટેગરીની સુરક્ષા

સલમાન ખાનનો જીવ સતત જોખમમાં છે. ભાઈજાનને ઘણા વર્ષોથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. બિશ્નોઈ ગેંગ સલમાન ખાનની પાછળ પડી ગઈ છે. જેલમાં બેઠેલો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ દબંગ ખાનને ધમકી આપી રહ્યો છે અને તેને માફી માગવાની સલાહ આપી રહ્યો છે. ગાયક સિદ્ધુ મૂઝ વાલા અને બાબા સિદ્દીકીની ખુલ્લેઆમ હત્યા બાદ હવે બિશ્નોઈ ગેંગના નિશાના પર સલમાન ખાન છે, પોલીસ પણ આ વાત જાણે છે.રૂ+ સુરક્ષા હેઠળ, સલમાન ખાનને એક ખાનગી સુરક્ષા અધિકારી સાથે એસ્કોર્ટ વાન પણ મળી છે, જે દરેક જગ્યાએ પડછાયાની જેમ તેની સાથે હાજર રહેશે. અલગ-અલગ હથિયારોનો ઉપયોગ કરવાની તાલીમ પામેલો કોન્સ્ટેબલ પણ હંમેશા અભિનેતા સાથે રહે છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ખાસ કરીને સલમાન ખાનના પનવેલ ફાર્મહાઉસની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. અહીં સુરક્ષા માટે ફાર્મહાઉસની અંદર અને બહાર બંને જગ્યાએ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.પોલીસ અભિનેતાને બચાવવા અને બિશ્નોઈ ગેંગના ઈરાદાઓને નિષ્ફળ બનાવવામાં કોઈ કસર છોડી રહી નથી. અભિનેતાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. તેમના ગેલેક્સી એપાર્ટમેન્ટ અને પનવેલ ફાર્મ હાઉસ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ અભિનેતાના જીવને જોખમમાં મૂક્યા વિના પોલીસે વધુ કડક પગલાં લીધાં છે. પોલીસ જાણે છે કે સલમાન પર શું જોખમ તોળાઈ રહ્યું છે.






# 3 દિવસમાં ૧૯થી વધુ ફ્લાઇટને બોમ્બથી ઉડાવાની ધમકી

। નવી દિલ્હી, તા.૧૭ ।

દેશમાં બુધવારે વધુ સાત ફ્લાઈટમાં બોંબની ધમકીઓ મળી હતી. આ સાથે છેલ્લાં ત્રણ દિવસમાં ઓછામાં ઓછી ૧૯ ફ્લાઈટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તેનાથી ઘણી ફ્લાઈટ ડાઈવર્ટ કરવી પડી હતી અને ઈમર્જન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. આ ધમકીઓ પછી મુંબઈ પોલીસે એક સગીરને કસ્ટડીમાં લીધો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ કિશોરે કથિત રીતે ૪ પર એક મિત્રના નામે એકાઉન્ટ બનાવ્યું હતું અને તેમાંથી બોમ્બની ધમકીઓ પોસ્ટ કરી હતી. તે તેના મિત્રને ફસાવવા માગતો હતો, કારણ કે તેની સાથે પૈસાનો વિવાદ ચાલતો હતો. છત્તીસગઢના રાજનાંદગાંવના ૧૭ વર્ષના કિશોર અને તેના પિતાને મુંબઈ પોલીસે મંગળવારે સમન્સ પાઠવ્યું હતું. કિશોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને રિમાન્ડ હોમમાં લઈ જવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે છેલ્લા બે દિવસમાં અનેક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીના સંબંધમાં એફઆઈઆર દાખલ કરીને આ મામલે તપાસ શરૂ કરી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે એરપોર્ટ પોલીસને આ મહિને સાત ફ્લાઈટમાં બોંબની ધમકીઓની ફરિયાદ મળી હતી, પરંતુ સંપૂર્ણ તપાસ બાદ તે ખોટી ઠરી હતી. જવાબદાર લોકો સામે કાર્યવાહી ચાલુ કરાઈ છે.

### સમગ્ર વિશ્વમાં પાણીની વધતી કટોકટી ખાદ્ય ઉત્પાદન માટે મોટો ખતરો

# પાણીની કટોકટી ખાદ્ય ઉત્પાદન માટે ખતરો બની રહી છે । ૨૦૫૦ સુધીમાં જીડીપી આઠ ટકા ઘટી શકે

**ઇન્ટરનેશનલ ગ્રુપ ગ્લોબલ કમિશન ઓન ધ ઇકોનોમિક્સ ઓફ વોટરના અહેવાલ મુજબ નબળી આર્થિક વ્યવસ્થા, જમીનનો વધતો ઉપયોગ, જળ સંસાધનોના નબળા સંચાલન અને આબોહવા સંકટના કારણે વૈશ્વિક જળ સંકટ સર્જાયું**

। નવીદિલ્હી, તા.૧૭ ।

સમગ્ર વિશ્વમાં પાણીની વધતી કટોકટી ખાદ્ય ઉત્પાદન માટે મોટો ખતરો બની રહી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જો આને નિયંત્રિત કરવામાં નહીં આવે તો ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક જીડીપી આઠ ટકા સુધી ઘટી શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓછી આવક ધરાવતા દેશોમાં જીડીપી ૧૫ ટકા સુધી ઘટી શકે છે.ઈન્ટરનેશનલ ગ્રુપ ગ્લોબલ કમિશન ઓન ધ ઈકોનોમિક્સ ઓફ વોટરના અહેવાલ મુજબ નબળી આર્થિક વ્યવસ્થા, જમીનનો વધતો ઉપયોગ, જળ સંસાધનોના નબળા સંચાલન અને આબોહવા સંકટના કારણે વૈશ્વિક જળ સંકટ સર્જાયું છે. આ કારણે ૨૦૫૦ સુધીમાં વિશ્વના અડધાથી વધુ ખાદ્ય ઉત્પાદન જોખમમાં છે. આનાથી મોટા



આર્થિક પરિણામો પણ આવી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે લગભગ ત્રણ અબજ લોકો અને અડધાથી વધુ ખાદ્ય ઉત્પાદન એવા વિસ્તારોમાં છે જ્યાં પાણી ક્યાં તો સુકાઈ ગયું છે અથવા સુકાઈ જવાની આરે છે. ઘણા શહેરો ભૂગર્ભજળની અછતનો સામનો કરી રહ્યા છે.પોટ્સડેમ ઈન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈમેટના ડિરેક્ટર જોહાન રોકસ્ટ્રોમ કહે છે કે વિશ્વની અડધાથી વધુ વસ્તી પાણીની તંગીનો સામનો કરી રહી છે. પાણીની ઉપલબ્ધતા સતત ઘટી રહી હોવાથી ખાદ્ય સુરક્ષા અને માનવ વિકાસ જોખમમાં છે. ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે કે વૈશ્વિક જળચક્ર અસંતુલિત બન્યું હોય. આબોહવા પરિવર્તન અને જમીનનો વધતો ઉપયોગ માનવ અસ્તિત્વના પાયાને નબળો પાડી રહ્યો છે.

જળ વ્યવસ્થાપનની પહેલ ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં નિષ્ફળ રહી છે.ડબ્લ્યુટીઓના ડાયરેક્ટર-જનરલ અને કમિશનના સહ-અધ્યક્ષે જણાવ્યું હતું કે વૈશ્વિક જળ સંકટ એક દુર્ઘટના છે, પરંતુ તે પાણીના અર્થશાસ્ત્રમાં પરિવર્તન લાવવાની તક પણ રજૂ કરે છે. આપણે પાણીની અછત અને તેનાથી મળતા અનેક ફાયદાઓ ઓળખવા માટે યોગ્ય રીતે મૂલ્યાંકન કરીને શરૂઆત કરવી જોઈએ. સમગ્ર વિશ્વમાં પાણીની વધતી કટોકટી ખાદ્ય ઉત્પાદન માટે મોટો ખતરો બની રહી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જો આને નિયંત્રિત કરવામાં નહીં આવે તો ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક જીડીપી આઠ ટકા સુધી ઘટી શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓછી આવક ધરાવતા દેશોમાં જીડીપી ૧૫ ટકા સુધી ઘટી શકે છે.

## કેટલાક શિક્ષકો પોતાનું સંપૂર્ણ શરીર બતાવીને શાળામાં આવે છે : રાજસ્થાનના શિક્ષણ મંત્રી

। જયપુર, તા.૧૬ ।

રાજસ્થાનના શિક્ષણ પ્રધાન મદન દિલાવરે નીમકથાના નૃસિંહપુરી ગામમાં એક શાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેઓ ફરી એકવાર પોતાના વિવાદિત નિવેદનોને કારણે ચર્ચામાં આવ્યા છે. હવે તેણે મહિલા શિક્ષકોના પોશાક પર વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે કેટલાક શિક્ષકો આવા કપડા પહેરીને શાળામાં આવે છે જે યોગ્ય નથી. તેનાથી બાળકો પર ખરાબ અસર પડે છે.મદન દિલાવર નીમકથાના નૃસિંહપુરી ગામની મુલાકાતે હતા.કાર્યક્રમને સંબોધતા શિક્ષણ મંત્રી મદન દિલાવરે જણાવ્યું હતું કે ઘણી શાળાઓમાં શિક્ષકો તેમના આખા શરીરને ખુલ્લા રાખીને શાળાએ જાય છે. જો બાળકો ખોટા કપડાં પહેરે તો તેની પર શું અસર થશે? તેમણે કહ્યું, “ઘણા શિક્ષકો યોગ્ય કપડાં પહેરીને શાળાઓમાં જાય છે. તેઓ તેમના આખા શરીરને ખુલ્લા રાખીને ચાલે છે, જેની બાળકો પર સારી અસર થતી નથી. તે શિક્ષકે વિચારવું જોઈએ કે આપણે કેવા કપડાં પહેરવા જોઈએ.”

## મહાયુતિથી જનતા છેલ્લા બે વર્ષથી પરેશાન છે અને હવે તેઓ તેમને દેશનિકાલ કરશે : આદિત્ય ઠાકરે

। મુંબઇ, તા.૧૭ ।


મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે. ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર થશે. દરમિયાન, શિવસેના યુબીટી જૂથના નેતા ઉદ્ધવ ઠાકરેએ પ્રેસ કોન્ફરન્સ કરી અને મહાયુતિના રિપોર્ટ કાર્ડ પર નિશાન સાધ્યું. તેણે કહ્યું કે આ રિપોર્ટ કાર્ડ નથી, દેશનિકાલ કાર્ડ છે. તેની પાસે દેશનિકાલ કાર્ડ છે. તેમણે કહ્યું કે જનતા છેલ્લા બે વર્ષથી પરેશાન છે અને હવે તેઓ તેમને દેશનિકાલ કરશે. સૌથી પહેલા તેમણે મહારાષ્ટ્રમાં ગેરકાયદેસર સરકાર બનાવી છે. મહારાષ્ટ્રમાં રોજગારી ઊભી કરવાની જે પણ તકો હતી તેને ગુજરાતમાં મોકલી દેવામાં આવી છે. આ દેશનિકાલ તમને આ ચૂંટણીમાં જોવા મળશે.દેવેન્દ્ર ફડણવીસના શંખ અવાજ અને જાહેરાતના નિવેદન પર આદિત્ય ઠાકરેએ કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસ આ બધી બાબતોમાં ફસાયેલા છે. હવે તેમના પોતાના પક્ષના સભ્યો પણ તેમની વાતને ગંભીરતાથી લેતા નથી. શું તેમની પાર્ટીના લોકો તેમની વાત સાંભળે છે? તેણે આ તરફ ધ્યાન આપવું જોઈએ, કાળજીપૂર્વક વિચારવું જોઈએ, કારણ કે જો હું બીજું કંઈ કહીશ તો તેને પીડા થશે.

### અંકુર ભંડારી, પ્રો. નિરપાલસિંહ ભંગાલ અને પ્રતિક તરવાડીનો સમાવેશ

# ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલરની રેસમાં ભારતીય મૂળના ત્રણ ઉમેદવારો

**ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બુધવારે તેના નવા ચાન્સેલરને ચૂંટવાની રેસમાં ૩૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી । પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનનું નામ નથી**

। લંડન, તા.૧૭ ।



ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બુધવારે તેના નવા ચાન્સેલરને ચૂંટવાની રેસમાં ૩૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી, જેમાં ભારતીય મૂળના ઉમેદવારોનો સમાવેશ થાય છે પરંતુ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનનું નામ નથી.બર્કશાયરના બ્રેકનેલ ફોરેસ્ટના પ્રથમ ભારતીય મૂળના મેયર અંકુર શિવ ભંડારી, આંતરરાષ્ટ્રીય સાહસિકતાના પ્રોફેસર નિર્પાલ સિંહ પોલ ભંગાલ અને તબીબી પ્રેક્ટિશનર પ્રતિક તરવાડી, રેસમાં અન્ય શિક્ષણવિદો, રાજકારણીઓ અને ઉદ્યોગસાહસિકો સામે સ્પર્ધા કરશે. ૨૫ નવેમ્બરની આસપાસ નવા કુલપતિની જાહેરાત કરવામાં આવશે. કન્ઝર્વેટિવ પાર્ટીના ભૂતપૂર્વ નેતા લોર્ડ વિલિયમ હેગ અને લેબર પાર્ટીના ભૂતપૂર્વ નેતા લોર્ડ પીટર મેન્ડેલસન છેલ્લે પસંદ કરાયેલા વરિષ્ઠ રાજકારણીઓમાં સામેલ છે. જોકે, પસંદગી પ્રક્રિયા બાદ ઈમરાન ખાનને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો.આ અવેતન પોસ્ટ માટેના ઉમેદવારોએ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા ચોક્કસ માપદંડો અનુસાર તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ દર્શાવવી જરૂરી છે. તેઓએ યુનિવર્સિટીના સંશોધન અને શૈક્ષણિક મિશન, તેના વૈશ્વિક સમુદાય, વિશ્વ-કક્ષાની સંશોધન અને શૈક્ષણિક યુનિવર્સિટી રહેવાની તેમની મહત્વાકાંક્ષા અને સ્થાનિક, રાષ્ટ્રીય તથા વિદેશમાં યુનિવર્સિટીની પ્રતિષ્ઠા વધારવાની તેમની ક્ષમતા અને ઈચ્છા પ્રત્યે પ્રતિબદ્ધતા પણ દર્શાવવી જોઈએ.યુનિવર્સિટીએ સૂચિમાંથી સહભાગીઓને બાકાત રાખવા માટે કોઈ ચોક્કસ કારણ આપ્યું ન હતું.

### જસ્ટિન ટ્રૂડોએ પોતે સ્વીકાર્યું છે

# ભારત-કેનેડા સંબંધોમાં નુકસાન માટે માત્ર ટ્રૂડો જ જવાબદાર છે : વિદેશ મંત્રાલય

**ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો**

। નવીદિલ્હી, તા.૧૭ ।

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ પોતે સ્વીકાર્યું છે કે જ્યારે તેમણે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો, ત્યારે તેમની પાસે માત્ર ગુપ્ત માહિતી હતી અને કોઈ નક્કર પુરાવા નહોતા. હવે આ મામલે વિદેશ મંત્રાલયની પ્રતિક્રિયા પણ સામે આવી છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે તેણે જે સાંભળ્યું છે તે નવી દિલ્હીના સતત વલણની પુષ્ટિ કરે છે. અમે સતત કહ્યું છે કે કેનેડાએ ભારત અને ભારતીય રાજદ્વારીઓ સામે ગંભીર આરોપો લગાવવા માટે કોઈ પુરાવા આપ્યા નથી. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડોના નિવેદનથી સંબંધિત મીડિયાના પ્રશ્નોના જવાબમાં વિદેશ મંત્રાલયે ગુરુવારે વહેલી સવારે એક નિવેદન બહાર પાડ્યું હતું. પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ‘અમે આજે જે સાંભળ્યું છે તે જ પુષ્ટિ કરે છે કે અમે બધા સમયથી જે કહી રહ્યા છીએ, કેનેડાએ અમને ભારત અને ભારતીય રાજદ્વારીઓ પર લાગેલા ગંભીર આરોપોને સમર્થન આપવા માટે કોઈ પુરાવા રજૂ કર્યા નથી.’ મંત્રાલય તરફથી એમ પણ કહેવામાં આવ્યું છે કે આ વર્તનને કારણે ભારત-કેનેડા સંબંધોને જે નુકસાન થયું છે તેની જવાબદારી એકલા વડાપ્રધાન ટ્રૂડોની છે.દરમિયાન, અત્રે એ પણ જણાવી દઈએ કે, ફેડરલ ચૂંટણી પ્રક્રિયાઓ અને લોકતાંત્રિક સંસ્થાઓમાં વિદેશી હસ્તક્ષેપ અંગેની જાહેર પૂછપરછના સંદર્ભમાં જુબાની આપતા ટ્રૂડોએ એવો પણ દાવો કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ




### જો તમે ભાગલા પાડો છો, તો તમે વિભાજિત થશો,કોઈ સ્લોગન નથી, કોડ વર્ડ છે : અંસારી

। લખનૌ, તા.૧૭ ।

બહરાઈચમાં મૂર્તિ વિસર્જન સરઘસ પર પથ્થરમારો બાદ ફાટી નીકળેલી હિંસાને પાંચ દિવસ થઈ ગયા છે, પરંતુ સ્થિતિ હજુ પણ તંગ છે. હવે આ સમગ્ર મામલે રાજકીય પ્રકરણ શરૂ થઈ ગયું છે. સમાજવાદી પાર્ટીના સાંસદ અફઝલ અંસારીએ યોગી સરકાર પર પ્રહાર કરતા કહ્યું છે કે પેટાચૂંટણી પહેલા વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સપા સાંસદે કહ્યું કે, પેટાચૂંટણી ઘણા સમય પહેલા થવી જોઈતી હતી પરંતુ તેને અટકાવી દેવામાં આવી હતી. જો તમે ભાગલા પાડો છો, તો તમારા ભાગલા થશે તેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ કોઈ સ્લોગન નહિ પણ કોડ વર્ડ હતો. અરાજકતાવાદીઓને સંદેશ હતો કે તમારે જે કરવું હોય તે કરો. અંસારીએ કહ્યું કે, સરકાર માત્ર વહેંચવાનો પ્રયાસ કરી રહી છે.

### ઝારખંડની ચુંટણીમાં મહાતો-માંઝી વિધાનસભા ચૂંટણીમાં રાજ્યનું ભાગ્ય લખશે

। નવીદિલ્હી, તા.૧૭ ।

થોડા મહિના પહેલા યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં, ભાજપને ઝારખંડમાં વિપક્ષી ભારતીય ગઠબંધન કરતા દસ ટકા વધુ મત મળવા છતાં રાજ્યની તમામ પાંચ અનામત બેઠકો ગુમાવવી પડી હતી. મુખ્ય પ્રધાન હેમંત સોરેનને ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં ધકેલી દેવાયા પછી સ્થાનિક નેતા પ્રત્યે આદિવાસી સમુદાયમાં ઉભી થયેલી સહાનુભૂતિ તેનું કારણ હતું. હવે વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપને આદિવાસી સમુદાયમાં તેની ખોવાયેલી વિશ્વસનીયતા પાછી મેળવવાનો પડકાર છે, જ્યારે હેમંત સોરેન સામે સહાનુભૂતિની લહેર જાળવી રાખવાનો પડકાર છે. વર્ષ ૨૦૦૦ ના અંતમાં અસ્તિત્વમાં આવેલા આ રાજ્યમાં રાજકીય પક્ષો ડબલ એમ એટલે કે મહતો (કુર્મી) અને માંઝી (આદિવાસી) દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. રાજ્યની વસ્તીમાં આ બે સમુદાયોનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે. બંને સમુદાયો લગભગ ૮૦ ટકા બેઠકો પર ઉમેદવારોની જીત અને હાર નક્કી કરે છે.

## રામ ગોપાલે સલમાન ખાનને લોરેન્સ બિશ્નોઈને જવાબી ધમકી આપવા વિનંતી કરી

। મુંબઇ, તા.૧૭ ।

ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્માએ સલમાન ખાન અને લોરેન્સ બિશ્નોઈ એપિસોડ પરની તેમની ટિપ્પણીઓથી સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે, જેમાં તેણે સલમાનને ગેંગસ્ટરને કડક જવાબી ધમકી આપવાનું આહ્વાન કર્યું છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગે રાજકારણી બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લીધી છે. હવે રામ ગોપાલ વર્માએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે એક્સ પર પોસ્ટ શેર કરી છે.તેમના સ્પષ્ટવક્તા નિવેદનો માટે જાણીતા વર્માએ કહ્યું હતું કે તેમને આશા છે કે સલમાન ખાન આ પ્રસંગે ઉભા થશે.

## ઇઝરાયલે હમાસના વધુ એક કમાન્ડરની કરી હત્યા!

। નવી દિલ્હી, તા.૧૭ ।

મધ્ય પૂર્વમાં સતત યુદ્ધ વચ્ચે, પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ ખરાબ થઈ રહી છે. દરમિયાન, આઈડીએફએ દાવો કર્યો છે કે તેઓએ હમાસના ઉત્તરી ગાઝા યુએવી કમાન્ડર મહમૂદ અલ-મભોહને મારી નાખ્યો છે. તેણે ઈઝરાયલી સુરક્ષા દળો અને લોકો પર ડ્રોન હુમલાનો નિર્દેશ આપ્યો હતો. આઈડીએફ અનુસાર, તેઓએ જબલિયાહ અને રફાહમાં ડ્રોન હુમલા કર્યા, જેમાં ૫૦ થી વધુ હમાસ આતંકવાદીઓ માર્યા ગયા.પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાઝાના આઠ ઐતિહાસિક શરણાર્થી શિબિરોમાંથી સૌથી મોટા જબાલિયામાં અલ-ફલ્લુજાહ નજીક ઈઝરાયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા, રોઈટર્સના અહેવાલમાં જણાવાયું છે. આ સિવાય દક્ષિણ ગાઝામાં પૂર્વ ખાન યુનિસમાં બાની સુહેલા કેમ્પમાં અન્ય ૧૦ લોકો માર્યા ગયા હતા, એમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.આ પહેલા મંગળવારે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ગાઝા શહેરના સાબ્રામાં ત્રણ મકાનો ધ્વસ્ત થઈ ગયા હતા. અહેવાલ મુજબ, સ્થાનિક સિવિલ ઈમરજન્સી સર્વિસે જણાવ્યું હતું કે તેઓએ ઘટનાસ્થળેથી બે મૃતદેહો મેળવ્યા છે, જ્યારે અન્ય ૧૨ લોકોની શોધ ચાલુ છે.

**હવે ટ્રુડોએ કર્યો સ્વીકાર** | **ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે**

# ‘ભારતને નિજ્જર હત્યાકાંડના એક પણ પુરાવા આપ્યા નથી’

। નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવના સમાચાર વચ્ચે જસ્ટિન ટ્રુડોએ મોટી કબૂલાત કરી હતી. ટ્રુડોએ સ્વીકાર્યું કે કેનેડાએ નિજ્જરની હત્યા સાથે સંબંધિત પુરાવા ભારતને આપ્યા નથી. ટ્રુડોએ સ્વીકાર્યું હતું કે તેમણે નિજ્જર હત્યાકાંડ સાથે સંબંધિત માત્ર ગુપ્ત માહિતી ભારતને આપી હતી. ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે. ભારતે આ દાવાને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે કેનેડાએ નિજ્જરની



હત્યા સંબંધિત કોઈ પુરાવા આપ્યા નથી.નોંધનીય છે કે ગત વર્ષે કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા અને કેનેડા સરકાર દ્વારા આ ઘટનામાં ભારતની સંડોવણીના આરોપો બાદ બંને દેશો વચ્ચેનો તણાવ હવે કોઈનાથી છૂપાયેલો નથી. બંને દેશોએ એકબીજાના છ-છ રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે.વાસ્તવમાં ટ્રુડોએ હવે સ્વીકાર્યું છે કે તેમણે નિજ્જરની હત્યા અંગે ભારતને સાચા પુરાવા આપ્યા નથી. તેમણે કબૂલ્યું હતું કે નિજ્જરની હત્યા માટે ભારત પર જાહેરમાં આરોપ મૂકતા પહેલા કેનેડાએ માત્ર ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. પરંતુ આને લગતા કોઈ પુરાવા આપવામાં આવ્યા ન હતા.ટ્રુડોએ કહ્યું કે મેં જી-૨૦માં પીએમ મોદી સાથે આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આ દરમિયાન મોદીએ મને કહ્યું કે કેનેડામાં ઘણા લોકો ભારત સરકાર વિરુદ્ધ બોલે છે અને તેઓ આ લોકોની ધરપકડ થાય તેવું ઈચ્છે છેભારતીય વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે કેનેડા સરકારે આરોપોના પુરાવા આપ્યા નથી. ભારતે ટ્રુડો પર રાજકીય લાભ માટે વોટ બેન્કની રાજનીતિમાં સામેલ થવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તેમની માંગણીઓ છતાં કેનેડાએ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કોઈ નક્કર પુરાવા રજૂ કર્યા નથી.જસ્ટિન ટ્રુડો શાસને નિજ્જરની હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો અને ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે.

સુપ્રીમ કોર્ટે

# બાંગ્લાદેશી વિદ્યાર્થીઓના દબાણમાં આવીને હાઈકોર્ટના બાર જજો પર પ્રતિબંધ લગાવ્યો

**અવામી લીગ તરફી ફાસીવાદી ન્યાયાધીશો" હોવાનો આરોપ મૂક્યો છે અને તેમને હટાવવાની માંગણી સાથે વિરોધ કર્યો**

। ઢાકા, તા.૧૭ ।

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી બાદ વિદ્યાર્થીઓએ હવે ન્યાયાધીશો પર પણ દબાણ લાવવાનું શરૂ કરી દીધું છે. બાંગ્લાદેશી વિદ્યાર્થીઓના દબાણમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ૧૨ જજો પર પ્રતિબંધ મૂક્યો છે. બાંગ્લાદેશી વિદ્યાર્થીઓએ તે બધા પર "અવામી લીગ તરફી ફાસીવાદી ન્યાયાધીશો" હોવાનો આરોપ મૂક્યો છે અને તેમને હટાવવાની માંગણી સાથે વિરોધ કર્યો છે. આ પછી સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ૧૨ જજોને ન્યાયિક પ્રવૃત્તિઓમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. વિવાદાસ્પદ આરક્ષણ પ્રણાલી સામે સામૂહિક વિરોધને પગલે હાંકી કાઢવામાં આવેલી વડા પ્રધાન શેખ હસીનાની આગેવાની હેઠળની અવામી લીગ સરકાર ઓગસ્ટમાં પડી ભાંગી હતી.૫ ઓગસ્ટે વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યા બાદ હસીનાએ દેશ છોડી દીધો હતો. ભેદભાવ વિરોધી આંદોલનમાં સામેલ સેંકડો વિરોધી વિદ્યાર્થીઓએ બુધવારે હાઈકોર્ટ સંકુલને ઘેરી લીધા બાદ મુખ્ય ન્યાયાધીશ સૈયદ રફત અહેમદે આ નિર્ણય લીધો હતો અને "આવામી લીગ સમર્થક ફાસીવાદી ન્યાયાધીશો" ને હટાવવાની માંગણી કરી હતી. રિપોર્ટમાં સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર જનરલ અઝીઝ અહમદ ભુયાને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, "(હાઈકોર્ટ)ના ૧૨ જજોને બેન્ચ ફાળવવામાં આવશે નહીં, જેનો અર્થ છે કે તેઓને કોર્ટમાં રજાઓ પૂરી થયા પછી ન્યાયિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ૨૦ ઓક્ટોબરે ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.ન્યૂઝ પોર્ટલના અહેવાલમાં જણાવાયું છે કે વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટ સંકુલમાં તેમનો વિરોધ શરૂ કર્યો, અવામી લીગ-સંબંધિત ન્યાયાધીશોના રાજીનામાની માંગણી કરી, જેઓ "પાર્ટી લાઈનને અંગૂઠા કરે છે".

સૂર્યકુમાર યાદવે પણ રાયપુરમાં ભાગ લીધો

# ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ સ્પોર્ટ્સ કોમ્પિટિશનમાં દેશભરમાંથી ૨૯૨૦ ખેલાડીઓ ભાગ લેશે !!!

**સ્પર્ધાની શરૂઆત પહેલા, વિવિધ રાજ્યોના ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલી કૂચમાં, છત્તીસગઢ પ્રથમ ક્રમે, હિમાચલ પ્રદેશ બીજા ક્રમે અને તમિલનાડુ, આસામ અને ગુજરાતની ટીમો ત્રીજા ક્રમે રહી હતી**

। રાયપુર, તા.૧૭ ।



ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ સ્પોર્ટ્સ કોમ્પીટીશનની શરૂઆત છત્તીસગઢની રાજધાની રાયપુરમાં ભવ્ય આતશબાજી સાથે થઈ. આ સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ એથ્લેટિક સ્ટેડિયમ, કોટા, રાયપુર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં દેશભરમાંથી ૨૯૨૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ભારતીય ક્રિકેટ સ્ટાર સૂર્યકુમાર યાદવે પણ સ્પર્ધાના લોન્ચિંગમાં હાજરી આપી હતી. સ્પર્ધાની શરૂઆત પહેલા, વિવિધ રાજ્યોના ખેલાડીઓ દ્વારા કરવામાં આવેલી કૂચમાં, છત્તીસગઢ પ્રથમ ક્રમે, હિમાચલ પ્રદેશ બીજા ક્રમે અને તમિલનાડુ, આસામ અને ગુજરાતની ટીમો ત્રીજા ક્રમે રહી હતી અને તેમને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા.ચાર વર્ષ બાદ છત્તીસગઢ દ્વારા આયોજિત ૨૭મી ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ સ્પોર્ટ્સ મીટમાં ૨૬ રમતોની ૩૦૦ શાખાઓમાં સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધા ૧૬મીથી ૨૦મી ઓક્ટોબર દરમિયાન રાજધાનીના ૧૬ અલગ-અલગ મેદાનમાં યોજાશે. જેમાં દેશભરમાંથી ૨૯૨૦ ખેલાડીઓ ભાગ લેશે. જેમાં ૨૩૩૧ પુરુષ અને ૫૮૫ મહિલા ખેલાડીઓનો સમાવેશ થાય છે. યજમાન છત્તીસગઢના ૨૬૮ ખેલાડીઓ ૧૨મી વખત ઓવરઓલ ચેમ્પિયનશિપ માટે પોતાનો દાવો રજૂ કરશે. અમારી ટીમ અત્યાર સુધીમાં ૧૧ વખત ઓવરઓલ ચેમ્પિયનશિપ ટાઇટલ જીતી ચૂકી છે.આ પ્રસંગે મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ જણાવ્યું હતું કે, અખિલ ભારતીય વન રમત સ્પર્ધાની શરૂઆત વર્ષ ૧૯૯૨માં કરવામાં આવી હતી. ધીરે ધીરે તેની લોકપ્રિયતા વધતી ગઈ. આ રમતમાં માત્ર કાશ્મીર, કન્યાકુમારી જ નહીં પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશના ખેલાડીઓ પણ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. આપણો દેશ ભારત વિવિધતાનો દેશ છે, રાજધાની રાયપુરના આ સ્ટેડિયમને મિની ઈન્ડિયા તરીકે જોવામાં આવે છે. બિહારના વન મંત્રી ડો.પ્રેમકુમારે જણાવ્યું હતું કે ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ સ્પોર્ટ્સ કોમ્પિટિશનની શરૂઆત આંધ્રપ્રદેશના હૈદરાબાદથી કરવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ



સારા અને તેની માતા અમૃતા સિંહે મુંબઈમાં વધુ બે નવી ઓફિસ ખરીદી

### સારા અલી ખાન અને માતા કરોડોની બે પ્રોપર્ટી ખરીદી

। મુંબઇ, તા.૧૭ ।

અભિનેત્રી સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહે મુંબઈમાં વધુ બે નવી ઓફિસ ખરીદી છે. આ જ બિલ્ડીંગમાં પહેલાથી જ તેમની ઓફિસ હતી પરંતુ ફરી એકવાર માતા અને પુત્રીની જોડીએ ૨૨ કરોડ રૂપિયાનું રોકાણ કરીને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે.અભિનેત્રી સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહ અવારનવાર સમાચારોમાં રહે છે. બંનેની સાથેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા રહે છે.ફરી એકવાર કંઈક આવું જ બન્યું છે. સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહે મુંબઈના અંધેરી વેસ્ટમાં કુલ રૂ. ૨૨.૨૬ કરોડમાં બે ઓફિસ ખરીદી છે અને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે. એક અહેવાલ મુજબ, માતા-પુત્રીની જોડીએ વીર સાવરકર પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી વીરા દેસાઈ રોડ પર સિગ્નેચર બિલ્ડિંગના નવમા માળે બે ઓફિસો ખરીદી છે.



### નિકિતા પોરવાલે ફેમિના મિસ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો

। મુંબઇ, તા.૧૭ ।

ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૪ની ગ્રાન્ડ ફિનાલેનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતની મોસ્ટ આઈકોનિક બ્યુટી પેજન્ટની આ ૬૦મી વર્ષગાંઠ હતી, જેમાં મધ્ય પ્રદેશની નિકિતા પોરવાલને આ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું હતું. મુંબઈના વર્લીમાં આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. નિકિતા એક અભિનેત્રી છે, જે ૧૮ વર્ષની ઉંમરથી અભિનય કરી રહી છે. કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતી રેખા પાંડે આ ઈવેન્ટમાં સેકન્ડ રનર અપ રહી હતી.ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૩ની વિજેતા નંદિની ગુપ્તાએ નિકિતાના માથા પર તાજ શણગાર્યો હતો. આ સાથે નેહા ધૂપિયાએ તેનો મિસ ઈન્ડિયા સેશ રજૂ કર્યો હતો. આ ઈવેન્ટમાં પરફોર્મ કરવાની સાથે અભિનેત્રી સંગીતા બિજલાનીએ પણ રેમ્પ વોક કર્યું હતું. આ ઈવેન્ટમાં સંગીતા ઉપરાંત અભિનેત્રી નેહા ધૂપિયા અને રાઘવ જુયાલ જેવી ઘણી અન્ય હસ્તીઓ રેડ કાર્પેટ પર જોવા મળી હતી. નિકિતાએ પોતાના કરિયરની શરૂઆત ટેલિવિઝન એક્કર તરીકે કરી હતી.

## હું મોટી ફિલ્મો એટલે બનાવું છુ કે જેથી મારા માતા પિતા સ્વર્ગમાંથી જોઈ શકે

। મુંબઇ, તા.૧૭ ।

સ્ટાર આઈકોન શાહરૂખ ખાને ઉમેર્યું કે મને લાગે છે કે મારી મમ્મી સ્ટાર બનીને ચમકે છેપુત્રી સુહાના ખાન સાથે કિંગ ફિલ્મ માટે મહેનત કરી રહેલા સ્ટાર આઈકોન શાહરૂખ ખાને તાજેતરમાં એક ખાસ મુલાકાતમાં પોતાની અંગત માન્યતા અને માતા પિતા વહેલા ગુમાવ્યા હોવાનો વસવસો વ્યક્ત કરી જણાવ્યું હતું કે હું મોટી ફિલ્મો એટલે બનાવું છુ કે જેથી મારા માતા પિતા સ્વર્ગમાંથી જોઈ શકે શાહરૂખ ખાને તેના ૨૦૦૨ ની હિટ દેવદાસ વિશે પોડકાસ્ટ પર વાત કરી હતી જેમાં તે તાજેતરમાં યોજાયેલા લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન દેખાયો હતો.શાહરૂખ ખાન કેટલીક સૌથી મોટી અને ભવ્ય હિન્દી ફિલ્મોમાં અભિનય કરવા માટે જાણીતો છે. શાહરૂખની મોટાભાગની સૌથી સફળ ફિલ્મો - પછી ભલે તે રોમાંસ શૈલીની હોય કે એક્શનની - લાર્જર ધેન લાઈફ રહી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, અભિનેતાએ જણાવ્યું હતું કે તે આ 'મોટી ફિલ્મો' તેના માતાપિતા માટે કરે છે, જેમને તેણે ખૂબ જ નાની ઉંમરે ગુમાવ્યા છે.શાહરૂખ ખાન તાજેતરમાં જ લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં મહેમાન બન્યો હતો.

હેરિસે કહ્યું કે હું મારો રસ્તો જાતે બનાવશે

## તેમનો રાષ્ટ્રપતિનો કાર્યકાળ બિડેન સરકારથી અલગ હશે : કમલા હેરિસ

**કમલા હેરિસે ૭૮ વર્ષીય પૂર્વ રાષ્ટ્રપતિની યોગ્યતા પર પણ સવાલ ઉઠાવ્યા હતા**

। વોશિંગ્ટન, તા.૧૭ ।


કમલા હેરિસે એક નિવેદનમાં કહ્યું છે કે તેમનો રાષ્ટ્રપતિનો કાર્યકાળ બિડેન સરકાર જેવો નહીં હોય અને તેનાથી અલગ હશે. કમલા હેરિસે કહ્યું કે તે પોતાનો રસ્તો જાતે બનાવશે. બુધવારે એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કમલા હેરિસે ઈમિગ્રેશન સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ઈન્ટરવ્યુ દરમિયાન એક્કરે કમલા હેરિસને અગાઉના નિવેદનની યાદ અપાવી હતી, જેમાં કમલા હેરિસે કહ્યું હતું કે તે બિડેનથી અલગ થવાનું વિચારી પણ શકતી નથી.કમલા હેરિસે આનો તદ્દન અલગ જવાબ આપ્યો. હેરિસે કહ્યું કે મારો રાષ્ટ્રપતિનો કાર્યકાળ જો બિડેનની સરકાર જેવો નહીં હોય. હું મારા જીવનનો અનુભવ, મારો વ્યાવસાયિક અનુભવ અને નવા વિચારોને વહીવટમાં લાવીશ. હું નવી પેઢીના નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરું છું. કમલા હેરિસે જુલાઈમાં જ રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી રજૂ કરી હતી, જ્યારે જો બિડેને પોતાનું નામ પાછું ખેંચ્યું હતું. ઈન્ટરવ્યુ દરમિયાન કમલા હેરિસે ડોનાલ્ડ ટ્રમ્પ પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમને અસ્થિર કહ્યા હતા. કમલા હેરિસે ૭૮ વર્ષીય પૂર્વ રાષ્ટ્રપતિની યોગ્યતા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. ટ્રમ્પે હાલમાં જ દેશના આંતરિક દુશ્મનો સામે સેનાનો ઉપયોગ કરવાની વાત કરી હતી. હેરિસે ટ્રમ્પના નિવેદન પર જોરદાર પ્રહાર કરતા કહ્યું કે 'તે અમેરિકન લોકો પર સેના થોપવાની વાત કરી રહ્યા છે. જે લોકો શાંતિપૂર્વક વિરોધ કરી રહ્યા છે તેમની વિરુદ્ધ તે વાત કરી રહ્યો છે.

મજિયા ટાઉન ખાતે અકસ્માત સર્જાયો હતો

# નાઈજિરિયામાં પેટ્રોલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૪૦થી વધુનાં મોત । અનેક ઘાયલ

**પોલીસ દ્વારા વારંવારની ચેતવણીઓ છતાં લોકો આવી ઘટનાઓ પછી અકસ્માત સ્થળે એકઠાં થતાં મોટી જાનહાનિ થઈ હતી**

। અબુજા, તા.૧૭ ।



નાઈજીરીયાના જીગાવા સ્ટેટ એક્સપ્રેસવે પર એક ટેન્કરમાંથી પેટ્રોલ લૂંટવાનો પ્રયાસ કરવા જતાં તેમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. તેના કારણે બાળકો સહિત અંદાજિત ૧૪૦થી વધુ લોકોના મોત થયાં હતાં જ્યારે ૫૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. નાઈજિરિયન મીડિયા અનુસાર, પોલીસનું કહેવું છે કે મૃતકો અને ઘાયલોની સંખ્યામાં વધારો થવાની આશંકા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઉત્તર-પશ્ચિમ નાઈજિરિયામાં આ પેટ્રોલ ટેન્કરની સામે અચાનક એક ટ્રક આવી. જેના કારણે ડ્રાઈવરે ટેન્કર પરનો કાબુ ગુમાવતા ટેન્કર ટ્રક સાથે અથડાતા બચી ગયું હતું પરંતુ ડ્રાઈવર ટેન્કર પર કાબુ રાખી શક્યો ન હતો અને તેણે બેલેન્સ ગુમાવતા પલટી ખાઈ ગયો હતો. પલટેલા ટેન્કરમાંથી પેટ્રોલ રસ્તા પર ઢોળવા લાગ્યું હતું અને લોકો તેને ઉપાડી જવા માટે ભેગા થઈ ગયા હતાં. પરંતુ અચાનક ટેન્કરમાં તોતિંગ વિસ્ફોટ થયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સ્થળ પર આગના ગોટેગોટા ઊડી રહ્યા હતા. અત્યાર સુધીમાં લગભગ ૫૦ ઘાયલોને નજીકની જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થળ પર ખરાબ રીતે દાઝી ગયેલી લાશો પડી હતી. નાઈજીરીયાના જીગાવા સ્ટેટ એક્સપ્રેસવે પર એક ટેન્કરમાંથી પેટ્રોલ લૂંટવાનો પ્રયાસ કરવા જતાં તેમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. તેના કારણે બાળકો સહિત અંદાજિત ૧૪૦થી વધુ લોકોના મોત થયાં હતાં જ્યારે ૫૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. પલટેલા ટેન્કરમાંથી પેટ્રોલ રસ્તા પર ઢોળવા લાગ્યું હતું અને લોકો તેને ઉપાડી જવા માટે ભેગા થઈ ગયા હતાં.

## મારો પરિવાર દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યો છે : અરબાઝ ખાન

। મુંબઇ, તા.૧૭ ।

બાબા સિદ્દીકના મૃત્યુ બાદ સલમાન ખાનનું દિલ તૂટી ગયું છે. બાબાના અંતિમ દર્શન કરવા આવેલા સલમાન ખાનની આંખોમાં આંસુ દેખાતા હતા. હવે ખાન પરિવારના સભ્ય અને સલમાન ખાનના નાના ભાઈ અરબાઝ ખાનની પહેલી પ્રતિક્રિયા આવી છે. મીડિયા સાથે વાત કરતા અરબાઝે કહ્યું કે અમે આ દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. બાબા સિદ્દીકીના મૃત્યુ બાદ અરબાઝનું આ નિવેદન જંગલની આગની જેમ વાયરલ થઈ રહ્યું છે.અરબાઝ ખાને બાબા સિદ્દીકીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સાથે જ કહ્યું- 'બાબા સિદ્દીકી સર અમારા પરિવારના ખૂબ જ નજીકના મિત્ર હતા.

## લગ્નના ૧૨ વર્ષ બાદ રાધિકા આપ્ટે પ્રેગ્નન્ટ થઈ

। મુંબઇ, તા.૧૭ ।

રાધિકા આપ્ટેએ તેની નવી ફિલ્મ 'સિસ્ટર મિડનાઈટ'ના પ્રીમિયરમાં પ્રથમ વખત તેના બેબી બમ્પને ફ્લોન્ટ કર્યો છે, જેના કારણે તે ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. અભિનેત્રીએ રેડ કાર્પેટ પર પગ મૂકતાની સાથે જ બધાને ચોંકાવી દીધા હતા. રાધિકાની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે, જેના પછી બધા તેને અભિનંદન આપી રહ્યા છે. રાધિકા આપ્ટેએ ૨૦૧૨ માં બ્રિટિશ સંગીતકાર બેનેડિક્ટ ટેલર સાથે લગ્ન કર્યા અને સુંદર દંપતી લગ્નના ૧૨ વર્ષ પછી તેમના પ્રથમ બાળકનું સ્વાગત કરશે. ગુરુવાર, ૧૭ ઓક્ટોબરના રોજ, અભિનેત્રી રાધિકા આપ્ટેએ બીએફઆઈ લંડન ફિલ્મ ફેસ્ટિવલમાં તેના બેબી બમ્પ બતાવ્યા.રાધિકા આપ્ટેએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ઈવેન્ટની તસવીરો શેર કરી છે, જેમાં તે બ્લેક બોડીકોન ડ્રેસ પહેરેલી જોઈ શકાય છે. મ્હૈં લંડન ફિલ્મ ફેસ્ટિવલમાં, જે વસ્તુએ સૌથી વધુ લોકોનું ધ્યાન ખેંચ્યું તે તેનું બેબી બમ્પ હતું. રાધિકા આપ્ટે પહેલીવાર તેના બેબી બમ્પને ફ્લોન્ટ કરતી જોવા મળી છે.

ઝેરી દારૂએ તબાહી મચાવી | લગભગ ૨૦ થી ૨૫ લોકો હજુ પણ બીમાર । મોટાભાગનાની સારવાર સિવાનની સદર હોસ્પિટલમાં ચાલી રહી છે

# સિવાન અને છપરામાં અત્યાર સુધીમાં ૨૪ના મોત

। સિવાન, તા.૧૭ ।

બિહારના સિવાનમાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુઆંક વધીને ૨૦ થઈ ગયો છે. જિલ્લા એસપી અમિતેશ કુમારે આ વાતની પુષ્ટિ કરી છે. આ સાથે જ છાપરામાં પણ ઝેરી દારૂ પીવાથી મૃત્યુઆંક વધીને ચાર થયો છે. સિવાન અને છપરામાં ઝેરી દારૂ પીવાથી કુલ ૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. લગભગ ૨૦ થી ૨૫ લોકો હજુ પણ બીમાર છે. તેમાંથી મોટાભાગનાની સારવાર સિવાનની સદર હોસ્પિટલમાં ચાલી રહી છે જ્યારે કેટલાક



લોકોની સારવાર છપરામાં ચાલી રહી છે. જ્યારે કેટલાકને પટના રિફર કરવામાં આવ્યા છે.દરમિયાન, છપરાના પોલીસ અધિક્ષક કુમાર આશિષે જણાવ્યું હતું કે કેસની તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને આઠ લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક ચોકીદાર અને પંચાયત બીટ પોલીસ અધિકારીને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ખાતાકીય કાર્યવાહીના ભાગરૂપે મશરક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને મશરક વિસ્તારના ALTF ઈન્ચાર્જ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ મુકુલ કુમાર ગુપ્તાના જણાવ્યા અનુસાર, ભગવાનપુર પોલીસ સ્ટેશન અને ભગવાનપુર પોલીસ સ્ટેશનના ASI વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.વિપક્ષે ઝેરી દારૂ પીવાથી અનેક લોકોના મોતને લઈને સરકારની ટીકા કરી છે. આરજેડી નેતા મૃત્યુંજય તિવારીનું કહેવું છે કે ઝેરી દારૂ પીવાથી લોકોએ જીવ ગુમાવ્યા છે. તે ખૂબ જ દુઃખદ અને ચિંતાની વાત છે કે દારૂબંધીનો કાયદો હોવા છતાં બિહારમાં દર વખતે ઝેરી દારૂ જોવા મળે છે, કેવી રીતે લોકો ઝેરી દારૂના કારણે મૃત્યુ પામે છે. તિવારીએ આરોપ લગાવ્યો કે દારૂ માફિયાઓને સરકારનું રક્ષણ છે અને જ્યાં સુધી તેમને સરકારનું રક્ષણ છે. દારૂબંધી અમલમાં છે પરંતુ દારૂબંધીના કાયદાનો ભંગ થઈ રહ્યો છે.

ભારતે પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવેલા જુઠ્ઠાણાનો પર્દાફાશ | ભારતીય મીડિયાએ આવા અહેવાલોને નકારી કાઢ્યા છે, જેનો અર્થ એ છે કે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન જવા પર હજુ પણ સસ્પેન્સ યથાવત્ છે

# પાકિસ્તાનના વિદેશ મંત્રી સાથે જયશંકરે ક્રિકેટ વિશે કોઇ ચર્ચા કરી નથી : ભારતીય મીડિયા

। નવીદિલ્હી,તા.૧૭ ।



ભારતે પાકિસ્તાન દ્વારા ફેલાવવામાં આવેલા જુઠ્ઠાણાનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાની મીડિયાએ સમાચાર પ્રકાશિત કર્યા હતા કે ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈસ્લામાબાદમાં પાકિસ્તાનના વિદેશ મંત્રી સાથે ક્રિકેટ વિશે વાત કરી હતી. પરંતુ ભારતીય મીડિયાએ આવા અહેવાલોને નકારી કાઢ્યા છે, જેનો અર્થ એ છે કે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન જવા પર હજુ પણ સસ્પેન્સ યથાવત્ છે.ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન કોન્ફરન્સ માટે પાકિસ્તાનની મુલાકાતે હતા. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં આયોજિત કોન્ફરન્સ દરમિયાન પાકિસ્તાની મીડિયા દ્વારા તેમના વિશે મોટું જૂઠ ફેલાવવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવ્યું હતું કે ઈસ્લામાબાદમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનના વિદેશ મંત્રી સાથે ક્રિકેટ ડિપ્લોમસી વિશે વાત કરી છે. પરંતુ, ભારતીય મીડિયાએ તેના સૂત્રોને ટાંકીને આવી વાતોને નકારી કાઢી છે. આતંકવાદી ઘટનાઓ અને ખરાબ સંબંધોને કારણે ભારત સરકારે લગભગ ૧૭ વર્ષથી ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન જવાની મંજૂરી આપી નથી. ભારત સરકારનો આ નિર્ણય ચેમ્પિયન્સ ટ્રોફીના માર્ગમાં પણ અવરોધ બની ગયો છે.આઈસીસી ટૂર્નામેન્ટ ચેમ્પિયન્સ ટ્રોફી, ૨૦૧૭ પછી પ્રથમ વખત આયોજિત થઈ રહી છે, જેનું આયોજન આવતા વર્ષે પાકિસ્તાનમાં થવાનું છે. પરંતુ, ટીમ ઈન્ડિયા તેમાં ભાગ લેવા પાકિસ્તાન જશે કે નહીં તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. સમગ્ર વિશ્વની નજર આ સવાલના જવાબ પર ટકેલી છે. આ સસ્પેન્સ વચ્ચે પાકિસ્તાની મીડિયાએ ભારત અને પાકિસ્તાનના વિદેશ મંત્રીઓ વચ્ચે ક્રિકેટને લઈને ચર્ચાના સમાચાર પ્રકાશિત કર્યા હતા.

## આણંદમાં જનસંવાદ કાર્યક્રમમાં ભુપેન્દ્ર પટેલે તલાટીઓને ટકોર કરી

। આણંદ, તા.૧૭ ।

આણંદમાં ભાદરણ ખાતે યોજાયેલા જનસંવાદ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ તલાટીઓને ટકોર કરી હતી. તલાટીઓ અરજદારોને પેઢીનામા કરાવવા લાંબી રાહ જોવડાવતા હોવાનું સીએમના ધ્યાનમાં આવતા તેમણે તલાટીઓને સૂચના આપી હતી.આણંદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભાદરણ ગામમાં ઘરવિહોણા લોકો માટે જમીન ફાળવવા, ગામમાં ગંદા પાણીના નિકાલ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે જરૂરી અનુદાન ફાળવવા અને ગ્રામસંવાદમાં રજૂ થયેલા પ્રશ્નોનો સમયમર્યાદામાં ઉકેલ કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. જેમાં સંવાદ દરમિયાન તલાટીઓ પેઢીનામુ કરાવવામાં લાંબી રાહ જોવડાવતા હતા. સીએમ પટેલને અરજદારે ફરિયાદ કરી હતી જેમાં જણાવાયું હતું કે પેઢીનામા માટે ત્રણ મહિના તલાટી રાહ જોવડાવતા હતા.

### ઈમામી એગ્રોટેક કંપનીમાં દુર્ઘટના

# કંડલામાં કંપનીના ટેન્કની સફાઈ કરતા પાચ કર્મચારીના ગૂંગળાઈ જવાથી મોત

**ગત રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ઈન્ચાર્જ સુપરવાઈઝર તિવારી વોટર ટેન્કની ડ્રેનેજ સિસ્ટમ તપાસવા ગયા હતા**

। માહિતી બ્યુરો, ભુજ, તા.૧૭ ।

કચ્છના કંડલામાં એક ખાનગી ઈમામી એગ્રોટેક કંપનીમાં વેસ્ટ પ્રવાહીની ટેન્કની સફાઈ વખતે દુર્ઘટના સર્જાઈ હતી. ટેન્કમાં ઉતરેલા પાંચ વ્યક્તિના ગેસના કારણે ગૂંગળામણથી મોત થતા હાહાકાર મચી ગયો છે. મૃતકોમાં સુપરવાઈઝર સહિત ટેન્ક ઓપરેટર અને ત્રણ હેલ્પરનો સમાવેશ થાય છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.આ ઘટના અંગે કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગત રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ઈન્ચાર્જ સુપરવાઈઝર તિવારી વોટર ટેન્કની ડ્રેનેજ સિસ્ટમ તપાસવા ગયા હતા. પ્રોડક્શનમાં વપરાતા ખાદ્યતેલનો નકામો કદડો



(સ્લજ) એક ટેન્કમાં એકઠો થાય છે. આ કદડો સાફ કરવા હેતુ સુપરવાઈઝર ટેન્ક ઉપર ચઢીને નિરીક્ષણ કરતા હતા. તે સમયે ટેન્કમાંથી ઉત્પન્ન થયેલાં ઝેરી ગેસના કારણે બેહોશ થઈને તે ટેન્કની અંદર પડી ગયા હતા.સુપરવાઈઝરને બચાવવા માટે ટેન્ક ઓપરેટરે પણ અંદર ઝંપલાવ્યું હતું. બેઉ જણને ગૂંગળાતાં જોઈ બાજુમાં રહેલાં ત્રણ હેલ્પરોએ પણ એક પછી એક એમ ટેન્કમાં કૂદકો માર્યો હતો અને જોત જોતામાં ઝેરી ગેસથી ગૂંગળાઈને પાંચે જણ ટેન્કમાં જ મૃત્યુ પામ્યા હતા. દુર્ઘટના અંગે જાણ થતાં પોલીસ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર સહિતની ટીમો સ્થળ પર દોડી ગઈ હતી. મૃત્યુ પામનાર કર્મચારીઓમાં સિદ્ધાર્થ તિવારી, અજમત ખાન, આશિષ ગુપ્તા, આશિષ કુમાર અને સંજય ઠાકોરનો સમાવેશ થાય છે.આ સમયે હાજર અન્ય લોકોએ બચાવવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ એમાં સફળતા મળી ન હતી. રાત્રે એક વાગ્યે કંપનીના જવાબદાર લોકોને જાણ કરતા કંપની દ્વારા તાત્કાલિક ફાયર વિભાગ સાથે રેસ્ક્યૂની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ હતભાગીઓને પ્રથમ ખાનગી અને બાદમાં આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

**3 આરોપીને કોર્ટે અગાઉ આજીવન કેદની સજા ફટકારી હતી**

**આ કેસ ચાલતો હતો તે દરમિયાન તવારીક (ફરિયાદી) અને ગુલફામ (સાક્ષી) બન્ને આરોપીઓ સાથે મળી જઈ કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટી જુબાની આપી હતી**

# હત્યા કેસમાં ખોટી જુબાની આપનારા બે સગાભાઇને એક મહિનાની કેદ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૭ ।

નારોલમાં વર્ષ ૨૦૧૯માં થયેલી હત્યા કેસમાં હોસ્ટાઈલ થનાર તવારીકઅલી મહોમદઆરીફ પઠાણ અને ગુલફામ આરીફખાન પઠાણ સામે કોર્ટમાં સોગંદ પર ખોટો પુરાવો આપવા બદલ સીઆરપીસીની કલમ ૩૪૪ મુજબ નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આ મામલે સુનાવણીના અંતે સેશન્સ કોર્ટે બન્ને ભાઈઓને એક મહિનાની કેદ અને રૂ. ૩૦૦ દંડ ફટકાર્યો છે. નોંધનીય છે કે, હત્યા કરનાર ત્રણ આરોપીઓને કોર્ટે અગાઉ આજીવન કેદની સજા ફટકારી હતી.નારોલમાં તવારીકઅલી મોહમદઆરીફ પઠાણ અને તેમનો મોટો ભાઈ મોહમદગુલફામ તથા ઘરના સભ્યો ૨૦ મે ૨૦૧૯ના રોજ રમજાન મહિનો હોવાથી રોઝા ખોલવા માટે ફ્રૂટ લેવા લારીએ ઊભા હતા. ત્યારે ત્યાં રહેતા આસીફ લગ્નની બાબતે ઊંચા અવાજથી તવરીકનાભાઈ મોહમદગુલફામ સાથે બોલાચાલી કરી રહ્યાં હતા. આ તકરારમાં મુસ્લીમ અસ્લમખન પઠાણની હત્યા કરવામાં આવી હતી. આ મામલે નારોલ પોલીસે ફરિયાદ નોંધી મુબારક ઉર્ફે છોટે ઈશાકભાઈ માનખાં પઠાણ, સાજીદઅલી મુબારક ઉર્ફે છોટે ઈશાકભાઈ પઠાણ અને આસીફ મુબારક ઉર્ફે ખોટે અશાકભાઈ પઠાણ સામે ચાર્જશીટ કર્યું હતું.








ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in












**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya